

ओ३म्
।। कृण्वन्तो विश्वमार्यम् ।।


# आर्य वैदिक दर्शन
# ARYA VEDIC DARSHAN ·
# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2, Issue 5, AUGUST 2017 Ahmedabad, (Gujarat),
Page : 28, Rs. 100 Annual.


## માસ્ટર આત્મારામ અમૃતસરી



માસ્ટર આત્મારામ અમૃતસરી મૂળ અમૃતસર પંજાબના નિવાસી. ડી.એ.વી.ના અધ્યાપક અને વૈદિક ધર્મના પ્રચારક હતાં. પ્રચાર કાર્ય દરમ્યાન નગીના (ઉ. પ્ર.)ના મૌલવી સનાઉલ્લાહ સાથે ૧૫ દિવસનો શાસ્ત્ર કર્યો હતો. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)એ સ્વામી નિત્યાનંદજીની પ્રેરણાથી આત્મારામજીને વડોદરા રાજ્યમાં હરિજનોદ્ધાર કાર્ય માટે બોલાવ્યા. અને ગુજરાતમાં સ્થાયી થયા. તેમના પુત્રો પં. આનંદપ્રિયજી, પ્રતાપચંદ્રજી, શાંતિપ્રિયજી અને સમગ્ર પરિવારે આર્યસમાજ માટે સમર્પણ કર્યુ હતું. વડોદરાની આર્યકુમાર મહાસભા, આર્યકન્યા મહાવિદ્યાલય (ગુરુકુળ) એમની દેન છે.

માસ્ટર આત્મારામ અમૃતસરીએ બ્રહ્મયજ્ઞ, સંસ્કાર ચંદ્રિકા, સૃષ્ટિ વિજ્ઞાન, તુલનાત્મક ધર્મ વિચારણા, દિગ્વિજય, શરીર વિજ્ઞાન, વૈદિક વિવાહ આદર્શ, ક્યા માસ ભક્ષણ વેદાનુકૂળ હૈ ? બલપ્રાપ્તિ, માંડૂક્યોપનિષદ્, સામાન્ય ધર્મ, ગીતાસાર, મહર્ષિ દયાનંદ કી જીવની વગેરે ગ્રન્થની રચના કરી.

# "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

| | |
|---|---|
| બેંક ખાતાનું નામ | : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા |
| બેંકનું નામ | : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા |
| ખાતા નંબર | : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫ |
| IFSC | : UBIN0531332 |

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા.

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન


સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૮

વિક્રમ સંવત: ૨૦૭૩

વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૫)

અંક : ૫, ઓગષ્ટ - ૨૦૧૭

સંપાદક: સુરેશચંદ્ર આર્ય

મોબાઈલ નં.: ૯૮૨૪૦૭૨૫૦૯

સહસંપાદક: હસમુખ પરમાર

મોબાઈલ નં. ૯૮૭૯૩ ૩૩૩૪૮

વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર

મોબાઈલ નં. ૯૦૩૩૦ ૩૧૧૪૬

પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા

પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.

મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫

લવાજમ દર:

વાર્ષિક: રૂા. ૧૦૦/-

દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-

ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-

આજીવન: (૧૦વર્ષ) રૂા. ૮૦૦/-

૧ પ્રત : રૂા. ૧૦/-

આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.

Email : gujaratsabha@gmail.com


## આર્યાભિવિનય

द्यौः शान्तिरन्तरिक्षम् शान्तिः पृथ्वी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः।
वनस्पतयः शान्तिर्विश्वे देवाः शान्तिर्ब्रह्म शान्तिः सर्वम् शान्तिः शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि ॥

यजुर्वेद० ३३.१७॥ २५॥

**વ્યાખ્યા:** હે સર્વ પ્રકારનાં દુ:ખોની શાંતિ કરનાર (ઈશ્વર)! સર્વ લોકોની ઉપર જે આકાશ છે, તે અમારા માટે સદા શાંત (ઉપદ્રવ રહિત) અને સુખકારક જ રહે. અંતરિક્ષ-મધ્યલોક અને તેમાં રહેલા વાયુ આદિ પદાર્થો, પૃથ્વીમાં રહેલા પદાર્થો, જળ અને જળમાં રહેલા પદાર્થો, ઔષધિ અને તેમાં રહેલા ગુણો, વનસ્પતિ અને તેમાં રહેલા પદાર્થો વિશ્વેદેવ (જગતના સર્વ વિદ્વાનો) તથા વિશ્વનો પ્રકાશ કરનાર વેદમંત્રો, ઇન્દ્રિયો, સૂર્ય આદિ, તેના કિરણો અને તેમાં રહેલા ગુણો, બ્રહ્મ = પરમાત્મા તથા વેદ શાસ્ત્ર, સ્થૂળ અને સૂક્ષ્મ ચરાતર જગત - એ તમામ પદાર્થો અમારા હે સર્વશક્તિમાન પરમાત્મા! આપની કૃપાથી શાંત (ઉપદ્રવ રહિત), સદા અનુકૂળ અને સુખકારક રહે, મને પણ તે શાંતિ પ્રાપ્ત થાય, જેથી હું પણ આપની કૃપાથી શાંત, દુષ્ટ ક્રોધાદિ ઉપદ્રવોથી રહિત બનું તથા સમસ્ત સંસારના જીવો પણ ક્રોધ આદિ દુષ્ટ ઉપદ્રવોથી રહિત બને.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| આર્ય વૈદિક દર્શન | ૨ |
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| જિજ્ઞાસા સમાધાન | ૮ |
| અરબમાં વૈદિક ધર્મ પ્રચાર | ૧૦ |
| અંધવિશ્વાસ | ૧૨ |
| સન્ ૧૯૩૯ હૈદ્રાબાદ રાજ્ય | ૧૩ |
| પિતૃ નડતર | ૧૬ |
| ગુજરાતનું ગતિશીલ આર્યજગત | ૧૮ |

આધ્યાત્મિક ચિંતન

# ઐશ્વર્ય - જેને મેળવવા મનુષ્ય જન્મ મળ્યો.

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી પ્રાપ્ત થયેલ આ જન્મને મેળવી આપણે અનેક સુખ સાધનોને પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણા પુરુષાર્થની ન્યૂનાધિકતા તેમાં કારણ બની શકે છે. અન્યોનો સહયોગ કે વિરોધ તેના ઓછા-વત્તાનું કારણ બની શકે છે. પુરુષાર્થની ન્યૂનતાધિકતાનું મુખ્ય કારણ આપણી ઇચ્છાની ન્યૂનાધિકતા છે. કોઇ વિષયમાં ઇશ્વરનું ઓછુ- વધુ હોવું, તે વિષયથી થનારા લાભ-ગેરલાભ સંબંધી આપણા જ્ઞાન ઉપર અવલંબે છે. જે સાધન અર્થાત્ ઐશ્વર્યના વિષયમાં આપણું જ્ઞાન એવું હોય કે આ વધુ લાભકર્તા છે, તેને પ્રાપ્ત કરવાની આપણે ઇચ્છા કરી જ લઇએ છીએ. પુરુષાર્થના પ્રમાણમાં તે ઐશ્વર્યને ઓછું કે વધુ મેળવી પણ લઇએ છીએ.

કેટલાંક ઐશ્વર્ય એવાં છે, જેને આપણે અલ્પ (થોડી) માત્રામાં જ પ્રાપ્ત કરી શકીએ છીએ, તે ઐશ્વર્યોને વધુ માત્રામાં મેળવવું આપણા સામર્થ્યની બહાર હોય છે - જેમકે ધન, સંપત્તિ, જ્ઞાન, બળ વગેરે. કેટલાક ઐશ્વર્ય સર્વોચ્ચતા ઉતર આધાર રાખે છે. - સૌથી મોટો જ્ઞાની, ધનવાન, બળવાન વગેરે. એને તો બધાં જ પ્રાપ્ત જ નથી કરી શકતાં. આવી સર્વોચ્ચતાને તે એક સમયે એકજ વ્યક્તિ પ્રાપ્ત કરી શકે છે. ગમે તેટલો પણ પ્રયત્ન કરે બધાં આવા સર્વોચ્ચ શિખર ઉપર પહોંચી શકતા નથી. આ બધાં બાહ્ય ઐશ્વર્ય છે.

આવા અનેક ઐશ્વર્યોથી અલગ પણ અનેક એવા ઐશ્વર્ય છે, જેને આપણે સૌ પ્રાપ્ત કરી શકીએ છીએ. પ્રભુ કૃપાથી આપણા સૌ મનુષ્યમાં એ સામર્થ્ય છે કે આવા ઐશ્વર્યોને આપણે માત્ર પ્રાપ્ત જ નહીં પરંતુ આવા ઐશ્વર્યના ઉચ્ચત્તમ શિખર સુધી પણ પહોંચી શકીએ છીએ. તે ઐશ્વર્ય છે આધ્યાત્મિક શાંતિ-સંતોષનું, તે ઐશ્વર્ય છે ઇશ્વરની સમીપતાનું, તે ઐશ્વર્ય છે નિર્ભયતાનું, તે ઐશ્વર્ય છે શોક રહિતતાનું, તે ઐશ્વર્ય છે ઇશ્વરના આનંદનું. આ સર્વ આંતરિક ઐશ્વર્ય છે.

બાહ્ય ઐશ્વર્ય ઓછું કે વધારે ભલે હોય, પરંતુ પ્રભુએ એ સ્થિતિમાં આપણને આ સામર્થ્ય આપેલું છે કે આંતરિક ઐશ્વર્યને મેળવી શકીએ છીએ. આંતરિક ઐશ્વર્યની પ્રાપ્તિ સહુ કોઇ કરી શકે છે. આંતરિક ઐશ્વર્યની ન્યૂનતાનો અહીં પ્રશ્ન જ નથી રહેતો. બાહ્ય ઐશ્વર્ય તો મર્યાદિત હોઇ બધાં લોકોને ઇચ્છાનુસાર પૂરેપરા નથી મળી શકતા. આપણે બધાં એક સાથે ચક્રવર્તી સમ્રાટ નથી બની શકતા, તે તો એક સમયે એક જ વ્યક્તિ થઇ શકે છે. આંતરિક ઐશ્વર્યના સમ્રાટ આપણે બધાં એક સાથે બની શકીએ છીએ. એકનું આંતરિક ઐશ્વર્ય બીજાના આંતરિક ઐશ્વર્યમાં નડતરરૂપ નથી થતું, ન થઇ શકે. હા, એકનું બાહ્ય ઐશ્વર્ય બીજાના બાહ્ય ઐશ્વર્યમાં બાધક બની શકે છે, બને છે.

અનુસંધાન પાના નં. ૯ પર

વૈદિક ઉપદેશ

# ઉપદેશ ગ્રહણ કરવો

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર
અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર



(આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર લિખિત **વૈદિક ઉપદેશ માળા**નું વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકારે કરેલ ગુજરાતી ભાષાંતર ધર્મપ્રેમી પાઠકો માટે દર મહિને આપવામાં આવશે.

- સંપાદક)

**સં શ્રુતેન ગમેમહિ મા શ્રુતેન વિરાધિષિ ।  - અથર્વવેદ ૧/૧/૪**

અથર્વવેદના પ્રારંભમાં (પહેલા જ સૂક્તમાં) પ્રાર્થના કરવામાં આવી છે કે - અમે (શ્રુતેન) જે કંઇ સાંભળીએ તેનાથી (સં ગમેમહિ) સંયુક્ત થઇ જઇએ - જોડાઇ જઇએ. તે અમારા જીવનનો અંશ (ભાગ) બની જાય. (શ્રુતેન) જે કંઇ સાંભળીએ તેનાથી (મા વિરાધિષિ) અમે છૂટા ન થઇ જઇએ.

કલ્યાણના માર્ગ ઉપર ચાલવાની ઇચ્છા રાખનાર માટે સૌથી પહેલી વાત એ જ છે કે તે જે કંઇ સાંભળે, વાંચે, ઉપદેશ મેળવે, તેનું પાલન કરે, અમલ કરે, આચરણમાં ઉતારવા લાગે અને પોતાના જીવનનો ભાગ બનાવી લે. મતલબ એ છે કે સૌ પહેલાં આપણે ઉપદેશ ગ્રહણ કરતાં શીખવું જોઇએ, તો જ આપણે ઉપદેશનો લાભ મેળવી શકીશું. તો પહેલી વાત જેનો આપણે આખા મહિના સુધી અભ્યાસ કરવાનો છે, તે એ છે કે જે કંઇ પણ સારી વાત સંભળાય અથવા વાંચવામાં આવે, તેને આપણે વ્યર્થ જવા ન દઇએ, તેને અપનાવી લઇએ.

શિવરાત્રિના બનાવમાં એ સિવાય બીજું શું છે ? દયાનંદે આ રાત્રિએ બોધ મેળવ્યો. શિવલિંગ ઉપર ઊંદરો ચઢી જવાના બનાવે દયાનંદને જાગ્રત કર્યા. શું તે રાત્રિએ કોઇએ વેદમંત્ર સંભળાવીને દયાનંદને ઉપદેશ આપ્યો હતો કે ટેબલની પાછળ ઊભા રહીને કોઇએ ભાષણ આપ્યું હતું? નહીં, પરંતુ તેમ છતાં તે રાત્રિએ દયાનંદને એક એવો બોધ થયો કે જયાં સુધી દયાનંદનું નામ આ સંસારમાં છે, ત્યાં સુધી તે બોધરાત્રિના નામથી પ્રસિદ્ધ રહેશે. તેથી સો વાતોની એક વાત એ છે કે દયાનંદ ઉપદેશ ગ્રહણ કરવાનું જાણતા હતા. તે ઉપદેશ ગ્રહણ કરવા માટે તૈયાર હતા. તેથી તેમને ઉપદેશ મળ્યો. એ જ દયાનંદની મૂળ વાત છે. આપણે પણ જો ઉપદેશ ગ્રહણ કરવાનું જાણી જઇએ તો આપણા પણ કલ્યાણનું મૂળ પણ તે જ બની જશે. બસ -

ઉપદેશ ગ્રહણ કરવાવાળા બનો ।
ઉપદેશ ગ્રહણ કરવાવાળા બનો ।

શિવરાત્રિનો બનાવ બૂમો પાડી પાડીને દયાનંદના શિષ્યોને એ જ ઉપદેશ આપી રહ્યો છે. શું આપણને આ ઉપદેશ સંભળાય છે કે પછી આપણે તે લોકોમાં છીએ કે જેની બાબતમાં વેદે કહ્યું છે -

ઉત ત્વઃ પશ્યન્ન દદર્શ વાચમુત ત્વઃ શૃણ્વંન શૃણોત્યેનામ્ ।
- ઋગ્વેદ ૧૦/૭૧/૪

કેટલાંક લોકો એવા હોય છે કે જે જોવા છતાં પણ જોતા નથી, સાંભળવા છતાં પણ સાંભળતા નથી.

આપણે તો એવા નથી ને! કે આપણા કાન ઉઘાડા છે તો પણ આપણને સંભળાતું નથી? આમ હોય તો આ ઘણી ખરાબ અવસ્થા છે.

## સાંભળો ! શિવરાત્રિનો ઉપદેશ સાંભળો

સારી ટેવને લીધે જ્યાં મનુષ્યનું ભલું સહેલાઇથી અને ઝડપથી થઇ જાય છે, ત્યાં ખરાબ ટેવ હોવાને લીધે પતન પણ એટલી ઝડપથી થવા લાગે છે કે પછી તેમાંથી પાછા ફરવું ઘણું મુશ્કેલ બની જાય છે. ટેવ એવી જ વસ્તુ છે. એવું લાગે છે કે આપણને ટેવ પડી ગઇ છે કે આપણે ઉપદેશ વાંચીએ, વ્યાખ્યાન સાંભળીએ, પરંતુ તે પ્રમાણે કર્મ ન કરીએ. જરા ધ્યાન દઇને વિચાર કરો કે આ કેટલી ભયંકર વાત છે. જેને એવી ટેવ પડી ગઇ છે, તેનો ઉદ્ધાર થવાની કોઇ વખતે સંભાવના છે? તે તો સદુપદેશની કોઇ વાત વાંચશે કે સાંભળશે, તે તેને માની શકતો જ નથી, તે તે વાતને ગ્રહણ કરી શકતો જ નથી, કારણ કે તેને એવી ટેવ પડી ગઇ છે. આ વાત સારી રીતે વિચારવા જેવી છે. જો કોઇને એ રોગ થઇ જાય કે જે કંઇ ખાય, તે બધું તેવું ને તેવું જ પેટમાંથી નીકળી જાય તો તેના ઘરના બધા લોકો ગભરાઇ જશે. લોકો વૈદ્ય, હકીમો પાસે દોડી જશે, વધારેમાં વધારે પ્રયત્ન કરશે. જો યોગ્ય ઇલાજ ન થાય તો તેનું મૃત્યુ નિશ્ચિત છે. પરંતુ ખૂબ જ નવાઇની વાત છે કે આપણામાંના ઘણાંના માનસિક શરીરમાં આ ભયંકર રોગ થયેલો છે, પરંતુ આપણે એ બાબતમાં કંઇ જાણતા નથી. આપણને ચિંતા પણ નથી. એવા પણ ઘણા મનુષ્યો છે જેમનું આ ઘોર રોગમાં માનસિક મૃત્યુ પણ થઇ ગયેલ છે. જો કે તેમના કેવળ સ્થૂળ શરીરને દૃષ્ટિમાં રાખીને કહી શકીએ છીએ કે તે હજી જીવે છે. શું તમે આ ઘાતક રોગને સમજ્યા? ઉપદેશ વગેરેથી આપણને જે જ્ઞાન મળે છે તે જ માનસિક ભોજન છે. જેમને એવી ટેવ પડી ગઇ છે કે વાંચ્યા કરે છે, સાંભળ્યા કરે છે પરંતુ તેમના ઉપર તેની સહેજ પણ અસર નથી. તેમનું વાંચેલું અને સાંભળેલું એમને એમ જ મગજમાંથી નીકળી જાય છે. તેમનું રક્ષણ પ્રભુ જ કરી શકે. મોટું દુઃખ તે એ છે કે એમને પોતાના રોગની ખબર પણ નથી. તેથી આપણે આ મહિનામાં પોતાની અંદર શોધ કરીને જાવું જોઇએ કે આપણને આ રોગ થઇ ગયો તો નથી ને? રોગની ખબર પડયા પછી રોગને દૂર કરવાનું અઘરું નથી. પરમાત્મા સદા સહાયક છે. જો આપણામાંથી કોઇને આ રોગ હોય તો સૌ પહેલાં તેમણે આ રોગમાંથી મુક્ત થઇ જવું જોઇએ. તે પોતાની ટેવ બદલી નાખે. આખા મહિનામાં પ્રયત્ન કરે કે જે કોઇ જ્ઞાન તેમને જ્યાંથી મળે તેને પોતાના જીવનમાં ઉતારવા માટે જે કંઇ બની શકે તે બધું કરે. તો કલ્યાણનો માર્ગ ઉઘડી જશે. એ જ પહેલું પગલું છે. જે સાંભળીશું, તે કરીશું, એવો નિશ્ચય કરવો જોઇએ. આવા નિશ્ચય વગર બધું વાંચેલું કે સાંભળેલું નકામું છે. નકામું જ નહિ પરંતુ અત્યંત હાનિકારક છે. કારણ કે તે નરકમાં લઇ જનાર ટેવને વધારશે. તેથી આજથી જ આપણે દૃઢ નિશ્ચય કરીને આ ટેવને એકદમ ત્યજી દઇએ અને પરમાત્માને પૂર્ણ નમ્રતા સાથે પ્રાર્થના કરીએ -

## સં શ્રુતેન ગમેમહિ મા શ્રુતેન વિરાધિષિ

અમે જે કંઇ સાંભળીએ તેમાં અમે સંગત થઇ જઇએ, જોડાઇ જઇએ, જે કંઇ સાંભળીએ તે અમારા મનમાંથી નીકળી ન જાય.

એનું નામ છે "ઉપદેશ ગ્રહણ કરવો." એનું જ નામ છે માનસિક ભોજન મેળવવું.

જો આપણે ઉપદેશ ગ્રહણ કરવાનું શીખી જઇએ તો આપણા માટે બધી બાજુએ ઉપદેશ અને ઉપદેશ છે. જેવી રીતે તે રાત્રે દયાનંદે ઉપદેશ ગ્રહણ કર્યો આપણે પણ દરરોજ પ્રકૃતિ પાસેથી, માનવી સંસારના બનાવોથી ઉપદેશ લઇ શકીએ છીએ. પરમ કરુણામય ભગવાન આપણા ઉપર ઉપદેશોનો વરસાદ વરસાવી રહ્યા છે. કેવળ આપણે તેને સાંભળતા નથી. જો આપણે સાંભળવા લાગીશું તો આપણે જોઇશું કે ઉદય થતો સૂર્ય આપણને કંઇ કહે છે. તારા જડલું આકાશ આપણને કંઇ સંભળાવે છે. વહેતી નદીઓ અને ઊંચા પહાડો, વૃક્ષોના હાલતા પાંદડા અને વહેતો પવન અને પ્રાણીઓના જટિલ સંસારમાં બનતા બનાવો, આ બધા આપણને ઉપદેશ આપી રહ્યાં છે.

વૃક્ષમાંથી નીચે પડતા સફરજનનો ઉપદેશ ન્યૂટને સાંભળ્યો અને તે આજે સમગ્ર વૈજ્ઞાનિક સંસારનો ગુરુ બની ગયો.

ઉપરથી પડતી વસ્તુઓ આપણામાંથી કોણે જોઇ નથી? પરંતુ જોવા છતાં જોતાં નથી, સાંભળવા છતાં સાંભળતા નથી. ચરણદાસ મહાત્મા કહે છે કે મેં ૨૪ ગુરુઓ બનાવ્યા છે. ૨૪ ગુરુઓ છે. - ગરોળી, કરોળિયો, વૃક્ષ વગેરે. શું તમને ખબર છે કે બુદ્ધ ભગવાનને બુદ્ધ બનાવનાર બનાવ કયો હતો? જ્યારે તે વધારે પડતી તપસ્યા કરીને ક્ષીણ થઇ ગયા હતા ત્યારે તેમણે એક દિવસ પાસેની જગ્યાએ એક મહેફિલમાં એક વેશ્યાએ ગાયેલું ગીત સાંભળ્યું. જેની ટેકનો અર્થ એવો હતો કે સિતાર તાર વધારે કડક થઇ જાય તો સિતાર વાગતી નથી, અને તાર ઢીલા હોય તો પણ સિતાર વાગતી નથી. એટલાથી જ તેમણે સમતા (મધ્યમ માર્ગ)નો મહાન સિદ્ધાંત શીખી લીધો, જે બૌદ્ધ ધર્મનો એક મહાન સિદ્ધાંત છે. તેથી તેમણે વધારે પડતી તપસ્યા મૂકી દીધી. મેહફિલના લોકો તો વેશ્યાના હાવ-ભાવ જોવા અને કાનોને તૃપ્ત કરતા રહ્યા હશે, પરંતુ તેમાંથી ભગવાન બુદ્ધે કોઇ મહાન વસ્તુ મેળવી લીધી. એક બાજુ બુદ્ધે એક વેશ્યાના ગીત દ્વારા ઉપદેશ ગ્રહણ કર્યો, જેને લીધે તેમનું જીવન બદલાઇ ગયું. બીજી તરફ આપણે મોટા મોટા વિદ્વાનોના ઉપદેશો સાંભળીએ છીએ, વેદના ઉપદેશો સાંભળીએ છીએ, તો પણ આપણને એમાંથી કંઇ મળતું નથી. કારણ એ જ છે કે આપણે ઉપદેશ ગ્રહણ કરવા તૈયાર નથી. આપણી આંખો અને કાન ખુલ્લા નથી. તેથી સૌથી પેલી વાત એ જ છે કે આપણે ઉપદેશ ગ્રહણ કરતાં શીખવું જોઇએ. બીજી બધી વાતો એ પછીની છે. વેદ ખરેખર રત્નોની ખાણ છે. અને ઋષિ દયાનંદના જીવનમાંથી પણ આપણે ઘણા રત્નો મેળવી શકીએ છીએ. પરંતુ જો આપણે આ પહેલી વાત શીખીશું નહિ, તો રત્નોને ગ્રહણ કરવાનું, ઊંચકી લેવાનું જાણીશું નહિ, આપણે રત્નોના ઢગલાની વચ્ચે બેઠેલા હોવા છતાં પણ કંગાલ જ રહી જઇશું એમાં બીજાનો દોષ ક્યાં છે?

## જિજ્ઞાસા – સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા : પરમપિતા પરમાત્માએ વેદોનું જ્ઞાન સૃષ્ટિના આરંભમાં ૪ ઋષિઓ અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગિરાને આપ્યુ હતું, પરંતુ વેદમાં મંત્રોની ઉપર ઋષિ છાપવામાં આવે છે, તેનું શું કારણ છે?**

**– કૃષ્ણ ગોપાલ મેહરોત્રા, વોર્ડ નં.૧, રનકપુર (ચંપાવત), ઉતરાખંડ**

**નિવારણ :** વેદ મંત્રની સાથે ઋષિ આપવામાં આવે છે, તે શા માટે ? એના જવાબમાં મહર્ષિ દયાનંદે જ લખ્યું છે તે અહીં ટાંકવામાં આવે છે. તેનાથી આપનું સમાધાન થઇ જશે. ઋષિ લખે છે, "ઈશ્વરે જયારે આદિ સૃષ્ટિમાં વેદોનો પ્રકાશ કર્યો. ત્યારથી પ્રાચીન ઋષિઓ વેદમંત્રોનાં અર્થોનો વિચાર કરવા લાગ્યાં. તેમાં જે-જે મંત્રોનો અર્થ જે-જે ઋષિએ પ્રકાશિત કર્યો. તે-તે ઋષિનું નામ તે જ મંત્ર સાથે તે ઋષિનું સ્મરણ જળવાઇ રહે તે હેતુથી લખવામાં આવેલ છે. ઋષિઓએ ઇશ્વરનું ધ્યાન કરીને ઉપકારપૂર્વક ખૂબ જ મહેનતથી વેદમંત્રોનાં અર્થ કરી ઉપકારી કાર્ય કર્યુ છે. આથી વિદ્વાનો વેદમંત્રોની સાથે તેમનું સ્મરણ રાખે છે." ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકા પ્રશ્નોત્તર વિષય.

વેદમંત્રોની સાથે ઋષિ લખવા અંગેની મહર્ષિની ઉપર્યુક્ત માન્યતાનો હેતુ એ છે કે ઇતિહાસની દૃષ્ટિએ આપણને જાણમાં રહે કે ક્યા મંત્રો, સૂક્તોનો અર્થ પ્રથમ વખતે ક્યા ઋષિએ પ્રકાશિત કર્યો હતો. તેની જાણકારી માટે મંત્રની સાથે ઋષિ લખેલ હોય છે.

**જિજ્ઞાસા : અમે વેદ મંત્રો વાંચીએ છીએ, તેના અર્થ-ભાવાર્થ-પણ વાંચીએ છીએ, પરંતુ ખબર નથી પડતી કે આ વેદમંત્રના ઋષિ કોણ છે, દેવતા કોણ છે, છંદ ક્યો છે? આપને વિનંતી કે ગાયત્રી મંત્રનો છંદ તો ગાયત્રી છે, પરંતુ એના ઋષિ અને દેવતાની ખબર નથી તો તે જણાવવાની કૃપા કરશો, એ જ રીતે વિશ્વાનિદેવ-પ્રાર્થના મંત્રના ઋષિ, દેવતા અને છંદ પણ જણાવવા વિનંતી. મંત્રના ઋષિ અને દેવતા મંત્ર માંજ હોય છે, પરંતુ અમે જાણી શકતા નથી - એનું જ્ઞાન પણ આપશો.**

**– દેવરાજ આર્ય મિત્ર, WZ-428, હરિનગર, નવી દિલ્લી – ૬૪**

**નિવારણ :** વેદમંત્રના છંદ, દેવતા, ઋષિ સામાન્ય રીતે વેદ સંહિતાઓ અથવા વેદભાષ્યોમાં આપેલા હોય છે, તેના વડે જાણકારી મેળવી શકાય છે. દેવતા અને ઋષિ અર્થાત્ મંત્રનો વિષય અને તે મંત્રનો સાક્ષાત્કાર કરનાર - એ બધું વેદ સંહિતામાં સૂક્ત કે અધ્યાયના પ્રારંભમાં આપવામાં આવે છે. મંત્રનો દેવતા સામાન્ય રીતે તે મંત્રમાં મળી જાય છે. અનેક વખત સીધા શબ્દોમાં જ અથવા તેના પર્યાયવાચી શબ્દો દ્વારા મળી જાય છે. આપે લખ્યું છે કે ઋષિ અને દેવતા મંત્રમાં જ હોય છે. એ બરાબર નથી, કારણકે દેવતા તો મંત્રમાં હોય છે, પરંતુ ઋષિ મંત્રમાં હોતા નથી. ઋષિ તો તે મંત્રના અર્થના દૃષ્ટા હોય છે, તે દૃષ્ટા ઋષિનું નામ મંત્રની સાથે ઇતિહાસની દૃષ્ટિએ લખવામાં આવતુ હોય છે, કે પ્રથમ વખત આ નામના ઋષિએ અમુક મંત્રોનો સાક્ષાત્કાર કર્યો

હતો. અનેક મંત્રોમાં ઋષિનું નામ જોવા મળે છે, વાસ્તવમાં તે નામ તે ઋષિનું ખરેખર નામ હોતુ નથી, પરંતુ તે મંત્રોનો સાક્ષાત્કાર કરવાના કારણે ગૌણિક નામ હોય છે, તે ગૌણિક નામને જોઇને જ કેટલાંક લોકો માને છે કે મંત્રમાં જ ઋષિ હોય છે, તેમ માનવું અયોગ્ય નથી.

છંદ જાણવા માટે છંદશાસ્ત્ર ભણવું - જાણવું પડે, ત્યારે છંદ સમજી શકશો. ગાયત્રી મંત્ર વેદમાં અનેક વખતે આવેલ છે, આ મંત્રનો દેવતા સવિતા અને નિચૃદ ગાયત્રી છંદ બધી જગ્યાએ એક સરખો છે, ઋષિ અલગ છે - યજુ૦ ૩૬.૩ અને ૩.૩૫ ના ઋષિ વિશ્વામિત્ર અને યજુ૦ ૩૦.૨ ના ઋષિ નારાયણ છે. એ જ રીતે વિશ્વાનિ દેવ મંત્રનો દેવતા સવિતા અને છંદ ગાયત્રી છે, પરંતુ ઋષિ એના પણ અલગ-અલગ છે. યજુ૦ ૩૦.૩ના વિશ્વામિત્ર અને ઋગ્૦ ૫.૮૨.૫ના શ્યાવાશ્વાત્રેય ઋષિ છે.

# આવો, પરિચય કરીએ
# મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

ગતાંકથી ચાલુ...



### શાસ્ત્રાર્થ

નામ : ઉદયપુર શાસ્ત્રાર્થ
પ્રતિપક્ષી : મૌલવી અબ્દુલ રહેમાન
સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ અને જજ), ઉદયપુર કોર્ટ.
સ્થાન : ઉદયપુર
સમય : ૧૧ - ૧૩ - ૧૭ સપ્ટેમ્બર ૧૮૮૨ (ત્રણ દિવસ)
વિષય :



| ૧૧ સપ્ટેમ્બર | ૧૩ સપ્ટેમ્બર | ૧૭ સપ્ટેમ્બર |
|---|---|---|
| (૧) ઇશ્વરીય પુસ્તક કયું છે? | (૧) વેદ | (૧) વેદ |
| (૨) સૃષ્ટિની ઉત્પત્તિ | (૨) પ્રકૃતિ | |

પ્રકાશન : પં. લેખરામ લિખિત જીવન ચરિત્રમાં

અનુસંધાન પાના નં. ૪ પરનું ચાલુ

**આધ્યાત્મિક ચિંતન**

આ અનુપમ, અદ્વિતીય આંતરિક ઐશ્વર્યાની પ્રાપ્તિને માટે આંતરિક સાધના જ મુખ્ય ઉપાય છે. પ્રભુ કૃપાથી આપણે આંતરિક-સાધના, મનની શુદ્ધિ, મનની એકાગ્રતા, વિવેક, વૈરાગ્ય વગેરેને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ આરંભ કરી દઇએ અથવા જેટલો પુરુષાર્થ અત્યારે કરી રહ્યાં છીએ. તેમા વધારો કરી દઇએ તો, આપણા પુરુષાર્થની સાથે ઇશ્વરની કૃપા પણ જોડાઇ જશે અને બંને મળવાથી તેને અનુરૂપ આપણામાં ઐશ્વર્યની વૃદ્ધિ થવા લાગશે. પ્રભુ આપણાં ઉપર કૃપા કરવાને માટે તત્પર છે, આપણે પુરુષાર્થ માટે તત્પર થવાનું છે, પુરુષાર્થ કરવાનો છે.

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

## - પં. રુચિરામ આર્યોપદેશક

આર્યસમાજ અને વૈદિક ધર્મના પ્રચાર અર્થે અતિતમાં આર્યોએ કરેલાં પ્રયાસો અને તેમાં તેઓએ કેવાં-કેવાં કષ્ટો વેઠયાં, આમ છતાં નિરાશ થયા વિના પાગલની જેમ કર્તવ્ય પાલનમાં સતત વળગી રહ્યા. તેનું ઉત્તમ ઉદાહરણ પં. રુચિરામ આર્યોપદેશનું જોવા મળે છે. તેઓએ સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સાત વર્ષ સુધી મુસ્લિમ રાષ્ટ્રોમાં ધર્મપ્રચાર કર્યો. તેનું સ્વાનુભવો સાથે સ્વલિખિત વર્ણન અફરુ નૂ લળટ લળબ, અઠળૃટ્ર અફરુ નૂ મેસ્ઙ્ઇં ઢ્નૃ ઇંળ પ્ખળક્ર, ક્ષળ્ક્ષટ્ઇં રૂક્ષ નૂ પં. રુચિરામે તૈયાર કર્યુ હતું. સત્યધર્મ પ્રકાશન દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ચાલુ અંકથી તેનું ગુજરાતી ભાષાંતર ગુજરાતીમનાં આર્ય વાચકોના લાભાર્થે ક્રમશઃ, પ્રગટ કરવામાં આવશે. આશા છે, વાચકો તેના લાભ લેશે.

- સંપાદક

રાત્રિના દસ વાગ્યાનો સમય હતો. આકાશમાં વાદળો છવાયેલાં હતાં ક્યારેક-ક્યારેક છાંટા વરસી જતા હતાં. મારે અમુક જરૂરી કામ હતું; આથી વરસાદનો વિચાર કર્યા વિના ઘરેથી નીકળીને દયાનંદ ઉપદેશક વિદ્યાલય, ગુરુદત્તભવન (લાહોર)માં મારા પૂ. આચાર્ય શ્રી સ્વામી સ્વતંત્રાનંદજી મહારાજની સેવામાં હાજર થયો. પૂ. આચાર્યજીએ કહ્યું - દુઃખ બીમારીથી મરવા કરતા કોઇ કાર્ય કરીને મરવું જોઇએ. અરબમાં વૈદિક-ધર્મ પ્રચાર કરવા જણાવ્યું અને પૂછ્યું - શું અરબમાં જઇને એ તપાસ કરી શકીશ કે આપણે કઇ રીતે ત્યાં વૈદિક ધર્મનો પ્રચાર કરી શકીએ? પરંતુ સભા તરફથી કોઇ પ્રકારની સહાયતા નહીં મળે. એકાએક સ્વામીજી મહારાજની આજ્ઞા સાંભળીને હું આશ્ચર્યમાં પડી ગયો કે કઇ રીતે અરબ જેવાં દેશોમાં કોઇ પ્રકારની સહાયતા વિના અને પગપાળા કઇ રીતે પ્રચાર કરી શકીશ! પરંતુ મારા માટે આ આચાર્યદેવની આજ્ઞા હતી; આથી મેં આજ્ઞા પાલન કરવા માટે તેમના ચરણોમાં મસ્તક ઝુકાવી દીધું. ગુરુદેવે પ્રસન્ન થઇને આશીર્વાદ આપતા કહ્યું - પરમાત્મા પર વિશ્વાસ રાખો અને આવતી કાલે જ નીકળી પડો. દરેક બંદર (પોર્ટ)થી મને પત્ર લખતા રહેવું. મેં તે જ સમયે તૈયારી શરૂ કરી દીધી.

સવારે સંધ્યોપાસના વગેરેથી પરવારીને ૨૯ એપ્રિલ ૧૯૨૯ના રોજ લાહોરથી કવેટા જવા માટે રવાના થયો, પરંતુ ત્યાંથી અરબ જવામાં સફળતા ન મળી. આથી કરાંચી આવી ગયો અને આગળની લાંબી યાત્રા માટે અહીં થોડા સમય માટે અડિંગો જમાવી દીધો. અહીં હું મોહલ્લા ખફામાં રોકાયો. ક્યારેક હાજી કેમ્પમાં જઇ આવતો હતો. કેટલાંક કારણોસર મને એ યોગ્ય લાગ્યું કે દાઢી રાખી લઉ. આથી દાઢી વધારવા લાગ્યો.

એક દિવસ મોહલ્લા ખફામાં ઇરાનથી એક દર્વેશ (સાધુ) જમીન માર્ગે પગપાળા આવ્યો - તેના દ્વારા જાણવા મળ્યું કે મક્કા સુધી પગપાળા જઇ શકાય તેવો

શિયા છો કે સુન્ની? મેં હંસતા હંસતા જવાબ આપ્યો ન શિયા કે ન સુન્ની - દબડ ઘુસુન્ની. આ સાંભળીને તે પણ હંસી પડયો અને પછી ઘણો સમય સુધી અમારા બંને વચ્ચે વાતચીત ચાલી. તે ભૂખ્યો હતો. મેં તેને ભોજન આપ્યું. હવે મારી પાસે પૈસા ન હતાં, તેણે કહ્યું, જો મને થોડી મદદ કરો તો રૂપિયા મળી શકે. તેણે મને શહેર આવવા કહ્યું. અમે બંનેએ ત્યાંથી ચાલીને એક માલદાર મુસલમાનના ઘરની સામે અડ્ડો જમાવી દીધો. એ સાંજનો સમય હતો જ્યારે અધરાત થઇ અને લોકો ઊંઘી ગયા ત્યારે તે ફકીરે હાથમાં તહસીબ (માળા) લઇને રડવાનું શરૂ કરી દીધું; જ્યારે ખૂબ રડવાનો અવાજ સંભળાવવા લાગ્યો તો મહોલ્લાનાં લોકો જાગી ગયાં. પહેરો ભરતા ચોકીદારો પણ આવી ગયાં. લોકો રડવાનું કારણ પૂછવા લાગ્યાં, પરંતુ ફકીર કંઇ જવાબ આપતો નહતો, ઉલ્ટાનો વધુ રડવા-ચિલ્લાવાં લાગ્યો. મને તેણે પહેલેથી શીખવી દીધું હતું કે સાડા બાવીસ રૂપિયા માંગજે. મેં દર્વેશ (સાધુ)ની માંગણી લોકોને જણાવી દીધી. તે ઊંચા અવાજે બોલતો હતો. 'એ શહેરનાં નિવાસીઓ! તમે મરી જશો. તમારી સ્ત્રીઓ મરી જશે. તમે કબરમાં જશો, હું બગીચામાં ભ્રમણ કરીશ.' એટલી વારમાં સામેના મકાનમાંથી એક મહિલા આવી અને સાડી બાવીસ રૂપિયા ફકીરને આપી દીધાં. તેણે પૈસા લઇ લીધાં અને ખૂબ આશીર્વાદ આપવા લાગ્યો. તે જ સમયે તેણે દરેકની સામે તે પૈસામાંથી સવા અગિયાર રૂપિયા મને ગણી દીધાં, અને ત્યાંથી સર-સામાન ઉપાડીને બીજી શેરીમાં અડ્ડો લગાવી દીધો. ત્યાં પણ તેણે પહેલાની જેમ જ રોવા-ચિલ્લાવાનું શરૂ કર્યુ. સાડા બાવીસ રૂપિયા આપો અને છોકરો લો. લોકોએ તેને પાગલ સમજ્યો અને કંઇ ન આપ્યું. અંતે આમ જ રાત્રિ વીતી ગઇ અને સવાર પડી ગયું. સવારે અમે ચાની હોટલમાં ગયા અને ચા પીધી. ફકીરે મને અરબ જવાનો પગપાળા રસ્તો લખી આપ્યો.

મારી પાસે હવે પૈસા પણ હતા અને માર્ગની જાણકારી પણ હતી. આથી અરબ જવાની તૈયારી કરી લીધી. તે ચરસ પીવામાં મશગુલ બન્યો. અને મેં તેની પાસેથી રજા લીધી. રસ્તામાં એક દુકાનદાર પાસેથી એક પરબીડિયું (કવર) ખરીદીને સ્વામીજી મહારાજને પત્ર લખ્યો કે આજે ૨૯ ઓગષ્ટના રોજ કરાંચીથી અરબ જવા માટે રવાના થયો છું.

કરાંચીથી મઘાપીર જવા માટે લારીઓ જાય છે. હું ચાર આના આપીને લારીમાં બેઠો અને મઘાપીર પહોંચ્યો. અહીં એક ગરમ પાણીનો ઝરો છે. એ પાણી એટલું ગરમ છે કે એમાં માણસ એકદમ પ્રવેશી ન શકે. બાજુમાં ઠંડાપાણીનો ઝરો છે. લોકો બંને ઝરાનું પાણી ભેગુ કરીને સ્નાન કરે છે. કરાંચીથી હિન્દુ - મુસ્લમાન ઘણી સંખ્યામાં અહીં સ્નાન માટે આવે છે. મેં અહીં સ્નાન કર્યુ અને ઇશ્વરોપાસના કરીને અહીં એકઠાં થઇને ખુશીઓ મનાવતા લોકોના જમાવડા તરફ જોયું, પરંતુ મારા મનની અવસ્થા વિચિત્ર હતી. ભારત માતાનો ખોળો છોડયાનો વિચાર, પ્રિયમિત્રો અને સંબંધીઓની આકૃતિઓ મારા મસ્તકમાં ફરતી હતી. પરંતુ સૌથી ઉપર હતું, પૂ. આચાર્યની આજ્ઞા પાલનનું વૃતિ, જે પૂર્ણ કરવાનો મેં નિશ્ચય કરી લીધો હતો.

- ક્રમશઃ........



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધ વિશ્વાસ - પીળા વસ્ત્રમાં સાત ગાંઠવાળીને ચોકમાં ફેંકવાથી તમામ સમસ્યાઓ ઉકલી જાય છે.**

નિવારણ - પીળા, લાલ, કાળા કે સફેદ વસ્ત્રોમાં સાત કે તેથી વધુ ગાંઠ વાળીને ક્યાંક ફેંકવાથી સમસ્યા નથી ઓછી થતી કે નથી દૂર થતી. સંભવ છે કે સમસ્યા વધી જાય. કારણકે જો બધાં જ એમ કરશે તો ચોકમાં ગંધક ફેલાશે અથવા કોઇ રાહદારી કે નજીકના મકાન કે દુકાન- ઘરના કોપનો સામનો કરવો પડે. સફાઇ કર્મચારી પણ આવુ કરનાર સામે કાનૂની રાહે પગલાં ભરે. તો આપણે જેલમાં પણ જવું પડે. પીળા વસ્ત્રમાં ગાંઠવાળીને ચોકમાં ફેંકવાનો અર્થ છે પોતાની સમસ્યા બીજા ઉપર લાદવી. આવું કરવું તે સારૂ નથી, અન્યાય છે.

એવું પણ જોવામાં આવે છે કે દર સોમવારે કેટલાય દુકાનદાર પોતાની દુકાનના બારણે તાજા લીંબુ-મરચાં બાંધે છે, અને ગત અઠવાડીયાના લીંબુ-મરચાં રસ્તા ઉપર ફેંકી દે છે, તેઓ એમ સમજે છે કે અમારી કમાણી ઉપર કોઇની નજર ન લાગી જાય. આ ભોળપણ છે, અંધવિશ્વાસ છે, પાખંડ છે.

પીળા કે અન્ય કોઇ રંગના વસ્ત્રોમાં ગાંઠ બાંધીને તેને ચોકમાં ફેંકવાથી સમસ્યાઓ ટળી જાય છે, એવું કોઇ શાસ્ત્રમાં લખ્યું નથી, તો આવું માનનારા લોકોએ આવું શાસ્ત્ર વિરૂદ્ધનું કૃત્ય ક્યાંથી શીખવા મળ્યું? આનો જવાબ કોઇ પાસે છે? આવા પાખંડી કાર્યોનો ક્યાંય જવાબ મળતો નથી. માત્ર પરંપરાથી કે કોઇના કહેવા માત્રથી આ ગાડરીયો પ્રવાહ ચાલતો રહે છે. સમજદાર વ્યક્તિએ આવા પ્રવાહમાં તણાવું વ્યાજબી નથી.

જો આપણે સ્વચ્છતા રાખીશું, રસ્તા, ગલીઓ, ચોક વગેરેમાં આવો કોઇ પણ પ્રકારનો કચરો નહીં ફેંકીએ તો એથી વાહન-વ્યવહારને અડચણ નહીં પડે તેમજ બીમારી ફેલાતી અટકશે.

**અંધ વિશ્વાસ - તાવ આવે તો બાળકના શરીર ઉપર કપડું ફેરવવાથી તાવ ઉતરી જાય છે.**

નિવારણ - જો માત્ર કપડું ફેરવવાથી તાવ ઉતરી જાય તો ભગવાન ધનવન્તરિ, ચરક અને સુશ્રુત વગેરે જે ઔષધિઓના પ્રભાવની શોધ કરી છે તેની જરૂર ન પડત હા, આંચલ કે સ્વચ્છ કપડું ભીનું કરીને તાવગ્રસ્ત વ્યક્તિના માથે રાખવામાં આવે અને ધીરે-ધીરે માથા (કપાળ)થી પગ સુધી ફેરવવામાં આવે તો તાવ ઓછો થઇ શકે છે. વધુ તાવ (૧૦૧ ડિગ્રી કે તેથી વધુ) હોય ત્યારે આમ કરવાની ડોકટર પણ સલાહ આપે છે. જો કે આટલા માત્રથી રોગ દૂર થતો નથી, કારણકે તાવ એ વિકારનું લક્ષણ છે. એ માટે અન્ય પથ્ય જરૂરી છે.

તાવ ચઢવો કે ઉતરવો એના અનેક કારણો હોય છે. એ કારણો (વિકાર)ને દૂર કરવાથી રોગ દૂર થશે. માત્ર કોઇની પાસેથી સાંભળેલી વાતોના પ્રમાણ વિના વિશ્વાસ ન કરવો તેમાં લાભના બદલે હાનિ થઇ શકે છે.

# સન્ ૧૯૩૯માં હૈદ્રાબાદ રાજયમાં આર્યસમાજનો સત્યાગ્રહ શા માટે ?

હૈદ્રાબાદ (વર્તમાન આંદ્રપ્રદેશ) રાજ્યમાં નિઝામી શાસન હતું. આર્યસમાજ દ્વારા થતા ધાર્મિક અને સામાજિક સુધારના કાર્યોમાં નિઝામી શાસન અડચણો ઊભી કરતું હતું. આર્યસમાજ ઉપર પ્રતિબંધ લગાવવાના પ્રયત્નો શાસન દ્વારા કરવામાં આવતા હતાં.

સન્ ૧૯૩૩ થી હૈદ્રાબાદની પોલીસે આર્યસમાજોનાં પ્રચારકો, ઉત્સવો તથા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ લગાવવાનું શરૂ કર્યુ હતું. તેમ હિન્દુ ધર્મ સ્થાનોને પણ નિશાન બનાવવામાં આવતા હતાં. જેની પરાકાષ્ઠા ૧૯૩૯માં આવી, અને સાર્વદિશિક આર્ય પ્રતિનિધિ સભાના નેતૃત્વમાં આર્યસમાજો જે તમામ પ્રકારનાં પ્રતિબંધો હટાવવા અને અત્યાચાર રોકવા માટે નિઝામ હકુમત વિરુદ્ધ સત્યાગ્રહ આરંભ કર્યો.

**હૈદ્રાબાદ રાજ્યમાં આર્યો તથા હિંદુઓ પર થયેલ અત્યાચારો એક નજરે...**

૧. નવા ધાર્મિક સ્થાનો - મંદિરો બનાવવા તથા જૂના મંદિરોનો જિર્ણોદ્ધાર કરવા શાસનની મંજૂરી માંગવી પડતી અને તે મોટે ભાગે મળતી જ નહી.

૨. પોતાના ધર્મસ્થાનોમાં ધર્મોપદેશ - વ્યાખ્યાન વગેરે રાખવા માટે પણ શાસનની મંજૂરી લેવી પડતી.

૩. આર્યસમાજ મંદિરોમાં ઓમ્ ધ્વજ આર્યો પોતાની મરજીથી ફરકાવી શકતા નહીં, શોભાયાત્રા - સરઘસ કાઢી શકતા નહી.

૪. આર્યો પોતાના ઘરમાં યજ્ઞકુંડ રાખી શકતા નહીં.

૫. હિન્દુ કેદીઓને જેલમાં સખ્ત સજા કરવામાં આવતી, તેમનું જેલમાં ધર્માન્તરણ કરી મુસલમાન બનાવવામાં આવતા.

૬. સેંકડો આર્યો ઉપર ખોટા આરોપો લગાવી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતાં.

૭. અનેક આર્યોને ૧૦-૧૦, ૨૦-૨૦ વર્ષની સજા કરવામાં આવી હતી. ગુલબર્ગા આર્યસમાજના મંત્રી લાલસિંહજીને ૧૦ વર્ષની કેદની સજા આપવામાં આવી હતી પરંતુ તેઓ અપીલમાં ગયા તો તેમની સજાને ફાંસીમાં બદલી નાંખવામાં આવી હતી.

૮. અનેક આર્યોને જેલમાં ભૂખ્યા રાખી મારી નાંખવામાં આવ્યા હતાં, અને જાહેર અમે કરવામાં આવ્યું હતું કે તેમને કોલેરા થયો હતો. સ્વ. ભાઇ શ્યામલાલ કે જેઓ હૈદ્રાબાદ આર્યસમાજનો પ્રાણ ગણાતા હતા, તેઓ બીમાર હતા તેવા સમયે તેમના પર ખોટો કેસ કરવામાં આવ્યો, અને ધરપકડ કરી જેલમાં બંદી બનાવવામાં આવ્યા હતાં. તેમના સંબંધીઓ તેમના ફળ અને દૂધ પહોંચાડતા તો જેલના અધિકારીઓએ તે બંધ કરાવી જુવારનલ જ ખાવા ફરજ પાડી હતી. શ્યામલાલે તે ખાવાની ના પાડી તો તેમની માર-પીટ કરવામાં આવી અને તેઓ મરણને શરણ થયા. તેમની લાશ સંબંધઓને સોંપતા પહેલા લખાવી લેવામાં આવ્યું કે તેમના મૃત્યુમાં

પોલીસ દોષિત નથી. શ્યામલાલે પોતાના મૃત્યુ પહેલા એક પત્ર પોતાના ભાઇ બંશીલાલને લખ્યો હતો, જેમાં તેમના ઉપર થયેલ અત્યાચારોની જાણકારી મળે છે.

૯. આર્યસમાજના કેટલાય ઉપદેશકોની નિઝામ રાજ્યમાં પ્રવેશ બંધી કરવામાં આવી હતી.

૧૦. કેસ ચલાવ્યા વિના અને ગુન્હો સાબિત થયા વિના પં. નરેન્દ્રજીને કાળા પાણીની સજા કરવામાં આવી હતી.

૧૧. આર્યસમાજનું કોઇ સમાચાર પત્ર-પત્રિકા રાજ્યમાં પ્રકાશિત કરી શકાતી ન હતી. રાજ્ય બહારથી હિન્દુ આર્ય પત્ર-પત્રિકા મંગાવવા ઉપર પ્રતિબંધ હતો આ રીતે હૈદ્રાબાદ રાજ્યમાં આર્યોને બોલાવાની અને લખવાની મનાઇ હતી.

૧૨. આર્યસમાજનું પ્રચાર નું તમામ કાર્ય હૈદ્રાબાદમાં બંધ થઇ ગયું હતું. હૈદ્રાબાદ રાજયમાં ૮૫ ટકા વસ્તી હિન્દુઓની હતી પરન્તુ પ્રચારને કુરતાથી રોકી દેવામાં આવ્યું હતું.

૧૩. મ. વેદપ્રકાશજી, મ. ધર્મપ્રકાશજી અને મ. મહાદેવજી વગેરે આર્યસમાજના કાર્યકર્તાઓની ધર્માંધ મુસલમાનો દ્વારા હત્યા કરવામાં આવી હતી. અને આ હત્યારાઓના કેસ ચાલ્યા તેમાં આર્યસમાજને સંતોષ ન થયો.

## સત્યાગ્રહમાં નિઝામ સરકાર પાસે આર્યસમાજની માંગણીઓ :

૧. ધાર્મિક કાર્યો અને ઉત્સવો ઉજવવાની સ્વતંત્રતા હોવી જોઇએ.

૨. ધાર્મિક પ્રચાર, ઉપદેશ, કથા, પ્રવચન, વ્યાખ્યાન અને ભજનો વગેરે કરવા, શોભાયાત્રા (સરઘસ), પ્રભાત ફેરી કાઢવી, આર્યમંદિરોનું નિર્માણ કરવું, યજ્ઞશાળા-યજ્ઞકુંડ નિર્માણ કરવા, ઓમ્ ધ્વજ ફરકાવવો, નવી આર્યસમાજોની સ્થાપના કરવી અને વૈદિક સંસ્કૃતિ અંગેના પુસ્તકો, પત્રો-પત્રિકાઓ વગેરેનું પ્રકાશન કરવાની સ્વતંત્રતા હોવી જોઇએ.

૩. રાજ્ય કે રાજ્ય કર્મચારીઓએ શુદ્ધિ કાર્યોમાં ભાગ ન લેવા જોઇએ તેમજ તેને પ્રોત્સાહન ન આપવું. જેલોમાં હિન્દુ કેદીઓને તથા શાળાઓમાં બાળકોને મુસલમાનો ન સોંપવા.

૪. રાજ્યના ધર્મ વિભાગને બંધ કરી દેવો અથવા હિન્દુઓ અને આર્યોની ધાર્મિક બાબતોમાં તથા મંદિરોમાં આ વિભાગોનો હસ્તક્ષેપ ન હોવો જોઇએ.

૫. હિન્દુઓ અને આર્યોની તુલનામાં અન્ય સાંપ્રદાયિક અને ધર્માંધ સમાચાર પત્રો અને સાહિત્યને પક્ષપૂર્ણ રીતે પૂરેપૂરી રક્ષણ આપવામાં આવે છે, તે બંધ થવું જોઇએ.

૬. કોઇ પણ કેસ ચલાવ્યા વિના કે ગુન્હો સાબિત થયા વિના જ આર્ય ઉપદેશકને રાજ્યમાં પ્રવેશીબંધી કરવામાં આવેલ છે તે ઉઠાવી લેવામાં આવે છે.

૭. પોલીસ અને રાજ્યના અન્ય કર્મચારીઓ દ્વારા હિન્દુઓ અને આર્યો અને અન્ય ધર્મોનાં અનુયાયીઓ વચ્ચે ભેદભાવ યુક્ત વહેવાર કરવામાં આવે છે. તે બંધ કરવામાં આવે.

૮. આર્ય - હિન્દુ બાળકોને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમની માતૃભાષામાં મળવું જોઇએ, નહીં કે ઉર્દૂમાં.

૯. હિન્દુઓ અને આર્યો દ્વારા વ્યાયામ શાળાઓ અને બાળકો-બાળકીઓ માટે શિક્ષણ સંસ્થાઓ જેવી કે પુસ્તકાલયો વાચનાલયો વગેરેની સ્થાપના પર કોઇ પ્રતિબંધ ન હોવો જોઇએ.

**આર્યસમાજના હૈદ્રાબાદ સત્યાગ્રહના વિવિધ જથ્થાનું નેતૃત્વ કરનાર સર્વાધિકારી –**

પ્રથમ સર્વાધિકારી – મહાત્મા નારાયણ સ્વામી (સત્યાગ્રહી સંખ્યા ૨૦)

બીજા સર્વાધિકારી – કુંવર ચાંદરકરણ શારદા

ત્રીજા સર્વાધિકારી – શ્રી ખુશાલચંદ (મહાત્મા આનંદ સ્વામી) સત્યાગ્રહી સંખ્યા - ૧૫૪

ચોથા સર્વાધિકારી – શ્રી રાજ્યગુરુ ધુરેન્દ્ર શાસ્ત્રી (સ્વામી ધ્રુવાનંદ સત્યાગ્રહી સંખ્યા ૫૩૦)

પાંચમાં સર્વાધિકારી - શ્રી વેદવ્રતજી (સ્વામી અભેદાનંદજી મહારાજ)

છઠ્ઠા સર્વાધિકારી – શ્રી મહાશય કૃષ્ણ

સાતમા સર્વાધિકારી - શ્રી જ્ઞાનેન્દ્રજી

આઠમા સર્વાધિકારી - શ્રી વિનાયકરાવ વિદ્યાલંકાર

આ ઉપરાંત હૈદ્રાબાદના આર્ય નેતાઓ શ્રી શેષરાવ, શ્રી દત્તાત્રય પ્રસાદ, શ્રી દિગમ્બર રાવ લાઠકર, શ્રી ગણપતરાવ કથલે કલમ વગેરે.

૩૧ જાન્યુઆરી ૧૯૩૯થી આરંભ થયેલા આ સત્યાગ્રહમાં લગભગ ૧૨૦૦૦ આર્ય સત્યાગ્રહીઓ જોડાયા હતા. અને નિઝામ સરકારે તા. ૨૧ જુલાઇ ૧૯૩૯ના રોજ શાસન - સુધારની જાહેરાત કરવી પડી હતી અને આર્યસમાજનો વિજય થયો. આ સત્યાગ્રહમાં ૨૩ આર્યસમાજીઓ શહીદ થયા.

ઉલ્લેખનીય છે કે આર્યસમાજના આ સત્યાગ્રહનો પ્રશ્ન ઈંગ્લેન્ડ લોકસભામાં ગુંજયો હતો, અને ભારતની બ્રિટીશ સરકારને આમાં હસ્તક્ષેપ કરી સત્યાગ્રહ તુરંત સમાપ્ત કરાવવા જણાવ્યું હતું

# આર્યસમાજ, જૂનાગઢ દ્વારા યોજાયો આંતરરાષ્ટ્રિય યોગ દિવસ ઉજવાયો




આંતરરાષ્ટ્રિય યોગ દિવસ નિમિતે ૨૧ જૂનના દિવસે આયકર વિભાગના કર્મચારીઓ માટે યોગ પ્રશિક્ષણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં પં. રાજેશ શાસ્ત્રીજીએ યોગથી થતાં ફાયદા ઉપર પ્રાંસગિક પ્રવચન આપી પ્રશિક્ષણ આપ્યું.

અનુસંધાન પાના નં. ૧૭ પર



પિતૃ નડતર એક અજ્ઞાત ભય!

# અમારા પિતૃ વહમા નથી... તમારા હશે!

- બળદેવભાઇ ઓઝા

(ભારતીય હિન્દુ સમાજમાં પિતૃઓ અંગે ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. અને પિતૃઓ પરિવારના સભ્યોને "નડે છે" એમ સમજીને વિવિધ ક્રિયાકાંડો કરાવે છે. જેના પરિણામે આર્થિક અને માનસિક પીડા અનુભવે છે. શ્રી બળદેવભાઇ ઓઝા (રાજકોટ) સુધારાવાદી લેખક છે. તેઓએ જીવંત ઉદાહરણો સાથે લખેલ પિતૃ નડતર અંગેની પુસ્તિકાના અંશો અનુકૂળતાએ આર્ય વૈદિક દર્શનમાં પ્રગટ કરવામાં આવશે. - સંપાદક)

રાજકોટ નાતની વાડીમાં સગાઇનો પ્રસંગ હતો. ગાંધીનગરનાં એક સ્નેહી મળ્યા. પૂછ્યું,

"બલદેવભાઇ, નારાયણભૂવાનો ફોન હતો?"

"ના ભાઇ. કોઇ કામ હતું?"

"હા. મને અમદાવાદથી ભૂવાનો ફોન હતો. આ દિવાળી પછી માતાના મઢે પિતૃ નડતરની વિધિ કરવાના છે. કુટુંબ સમસ્તમાં જેને જેને પિતૃ નડતર છે તે બધા માટે વિધિ રાખી છે."

"પણ એ તો જેને પિતૃ નડતા હોય એના માટે છે ને?"

"એવું નથી. બધાને કંઇક ને કંઇક પિતૃનું હોય જ. પિતૃ નડતર બહુ વહમું!"

મેં એમને વિવેકપૂર્વક જવાબ આપ્યો.

"ભાઇ! અમારા કુટુંબમાં કોઇને પિતૃ નડતર નથી. અમારા પિતૃ ખાનદાન હતા. વહમા ન હતા. તમારા વહમા હોય તો તમને નડે."

એ ભાઇનો પિત્તો ગયો.

"બલદેવભાઇ, સંભાળીને બોલજો. અમારા પિતૃને વહમા કેતા તમને શરમ નથી આવતી?"

મેં શાંતિથી જવાબ આપ્યો,

"કાં ચાટી જઇ ને? ભલા માણસ તમે જ કહો છો કે પિતૃ નડે છે. પિતૃ નડે એવું બીજું કોઇ ના નડે....."

"એમ ભૂવા કહે છે."

"ભૂવા શું કહે! આપણે જ આપણાં પિતૃઓને બદનામ કરીએ છીએ. જેણે આપણને જન્મ આપ્યો, લાલન પાલન કર્યું, કાંઇક કષ્ટો સહન કરીને મોટા કર્યા. શું દાદા કે શું બાપા! હતા ત્યાં સુધી સ્વાર્થ હતો, પડયો બોલ ઝીલતા હતા. અને ગયા પછી? એ જ બાપા કે દાદા તમને નડવા લાગ્યાં?"

"બલદેવભાઇ, હું પણ તમારી જેમ જ માનું છું કે આપણાં વડીલો, પિતૃઓ આપણને થોડા નડે? પણ આ તો બૈરાઓ......"

ધણી બૈરી પર શૂરોની જેમ તમે તમારી અંધશ્રદ્ધા બૈરા ઉપર ફેંકી દીધી. ભલા માણસ, તમે ઓફીસર કક્ષાના માણસ. તમે ઉઠીને આવી વાત કરો છો!"

"બધાને રાજી રાખવા પડે. ભૂવો પિતૃ નડતરની વિધિ કરવા માગે છે તો ના થોડી કહેવાય!"

"એવું નથી. પાડોશી તમારા ફળીમાં કચરો ફેંકે તો તમે અને રાજી નથી રાખતા. ઝગડવા જાવ છો. તમે તો ઠીક છો. યુવાન અને શિક્ષિત એવા તમારા બાળકોનાં સંસ્કારી મનમાં કોઇ વહેમના કચરા જેવા વિચારો ઘુસાડવા માગે તો તમારી ફરજ છે કે એને અટકાવવું જોઇએ."

એ ભાઇ ઢીલા પડયા.

"એ વાત તો સાચી છે. હવે પછીની પેઢી પુરુષાર્થ અને આવડતમાં માનનારી છે. નડતર બળતરમાં નહીં માને."

મેં એમને છોડયા નહીં. કહ્યું,

"તો આપણે શું ગુનો કર્યો છે કે આવી ઉલાંટ પૂલાંટ વાતોમાં આંધળા ભીત થઇને આપણા પોતાના જ પિતૃઓને ગાળ દેવા તૈયાર થઇ જઇએ છીએ! ફરીથી તમને યાદ દેવડાવું છું કે અમારા બધા જ પિતૃઓ પ્રેમાળ અને ખાનદાન હતા. સૌને મદદમાં આવે એવા હતા. કોઇને નડે એવા ન હતા. હા, કદાચ તમારા પિતૃ વહમા....."

હવે એ ભાઇ હસવા લાગ્યા. બોલ્યા,

"બલદેવભાઇ, હવે રહેવા દો. તમારા ખાનદાન હતા તો અમારા પણ ઓછા ખાનદાન નહોતા. પિતૃ બિતૃ શું નડે! આપણે જ આપણને નડીએ છીએ. બાકી આ બધા વહેમ છે."

**✐ પુસ્તકના પાને વેણીરૂપી વધાવો :**

દરેકનાં જીવનમાં ચડતી પડતી આવે જ છે. સબળા મનના માણસો ધીરજ ધરીને આવેલ વિપત્તિને દૂર કરવા પુરુષાર્થ કરે છે. નબળા મનના માણસો અધીરા થઇને પિતૃદોષ આપે છે. દોરા-ધાગા કરાવે છે. વિટંબણા તો મટતી નથી. નાણા અને મનની ખુંવારી થાય છે.

અનુસંધાન પાના નં. ૧૫ પરનું ચાલુ

**આન્તર્રાષ્ટ્રીય યોગ દિવસ**

તેમજ આર્યવીર દળના અઘ્યક્ષ શ્રી દીપકભાઇ આર્યએ વિવિધ સંસ્થાઓ યોગનું પ્રશિક્ષણ વિદ્યાર્થીઓને આપ્યું.







# ગુજરાત નું ગતિશીલ આર્યજગત

## ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ.



આણંદ ખાતે યોગ કરતા સાધકો

વર્તમાન સમયમાં બાબા રામદેવજી દ્વારા યોગનો પ્રચાર પ્રસાર વ્યાપક પ્રમાણમાં થયો છે. અને આપણાં લોકલાડીલા વડાપ્રધાન માનનીય નરેન્દ્ર મોદીએ યુનોમાં જઇ યોગને વિશ્વભરમાં માન્યતા અપાવી અને ૨૧ જૂનને વિશ્વયોગ દિવસ તરીકે માન્યતા અપાવી છે, ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૧ જૂન ૨૦૧૭ના રોજ તૃતીય વિશ્વયોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી. સંસ્થાના એન. કે. સોલંકી હોલમાં આયોજિત સમારંભના અતિથિ વિશેષ ડાં. બી. એમ. પટેલ, પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલા, ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ પટેલ, પુસ્તકાલયાધ્યક્ષશ્રી રાજેન્દ્રસિંહ રાજ, વ્યવસ્થાપકશ્રી વિજયકુમાર આર્ય તથા પં. કનુપ્રસાદ શાસ્ત્રી, પ્રશિક્ષકશ્રી વિજયભાઇ ઠક્કર તથા મુકેશભાઇ દવે તેમજ ૫૦ જેટલા યોગ સાધકો હાજર રહીને સૌએ યોગાસન, પ્રાણાયામ, ધ્યાન, જપ કરીને વિશ્વયોગ દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ ડાં. બી. એમ. પટેલે પ્રાસંગિક પ્રવચનમાં શરીરના વિવિધ અવયવો ઉપર યોગ કરવાથી થતી અસરો ઉપર ખૂબ ઉંડાણપૂર્વક વિસ્તારથી સમજ આપી હતી તથા પ્રમુખશ્રીએ યોગપ્રેમી સાધકોનો હાર્દિક આભાર માન્યો હતો.

## આર્યસમાજ સોની ફળિયા સુરતે આતંકી હુમલામાં શહીદોને શ્રદ્ધાંજલિ આપી.

ગત દિવસોમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓએ કરેલ હુમલામાં શહીદ થયેલા યાત્રીઓને આર્યસમાજ, સોની ફળિયા સુરતમાં શ્રદ્ધાંજલિ અર્પિત કરવા સભા મળેલ હતી. જેમાં સુરત બ્રાહ્મણ સમાજના પદાધિકારીઓ પણ હાજર રહ્યાં હતા. સભામાં આતંકી હુમલા પ્રત્યે ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવેલ હતો. આ સભામાં ઉપસ્થિત પૂર્વ સૈનિકોએ પણ આતંકી હુમલાનો જડબાતોડ જવાબ આપવા અને જરૂર પડયે પુનઃ સૈનિક સેવા આપવા તત્પરતા બતાવી હતી.

# આર્યસમાજ, ભટાર રોડ, સુરત દ્વારા યોગ દિવસ ઉજવાયો

આર્યસમાજ ભટાર રોડ, સુરત દ્વારા ૨૧મી જૂન વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નિઃશુલ્ક યોગ પ્રશિક્ષણ અને રોગ નિવારણ શિબિર રાખવામાં આવેલ હતાં. આ પ્રસંગે સવારે સાત કલાકે મહિલાઓ માટે આર્યસમાજ ભવનમાં તેમજ સાંજે ૪ કલાકે તમામ માટે શારદા વિદ્યાલય, ઇચ્છાપોર ખાતે યોગ પ્રશિક્ષણ રાખવામાં આવ્યું હતું. જેમાં ડૉ. ઉમાશંકરજીએ માર્ગદર્શન આપ્યું હતું.

# ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા માંડવી ખાતે મહિલા સંમેલન યોજાશે.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા માંડવી (કચ્છ) ખાતે મહિલા સંમેલન યોજાશે. શ્રીમતી ભનુમતિ શ્યામજી કૃષ્ણવર્માની પુણ્ય તિથિ નિમિત્તે આગામી તા. ૨૦ ઓગષ્ટના રોજ ક્રાંતિતીર્થ માંડવી (કચ્છ) ખાતે ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આર્યસમાજ માંડવી (કચ્છ)ના નેતૃત્વમાં મહિલા સંમેલનનું આયોજ કરવામાં આવેલ છે. જેનું અધ્યક્ષ સ્થાન સમાજિક કાર્યકર શ્રીમતી સોનલબેન શેઠીયા (નખત્રાણા) સંભાળશે. વક્તઓ દ્વારા આદર્શ પરિવાર વિષય પર વકતવ્યો આપવામાં આવશે.

# આર્યસમાજ દ્વારા પૂરગ્રસ્તોને સહાયતા

(૧) ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની અપીલ પર આર્યવીર દળ સુરેન્દ્રનગર અને આર્યસમાજ સુરેન્દ્રનગર દ્વારા વિવિધ સંસ્થાઓના સહયોગથી શ્રી આર્યબંધુજીના નેતૃત્વમાં પૂરગ્રસ્તોને સહાયતા અભિયાન ચાલી રહ્યું છે. વિશેષ રીતે ઉત્તર ગુજરાતનાં અંદરના ગામડાઓના પીડિતોને સહાયતા પહોંચાડવામાં આવી રહી છે.







(૨) આર્યસમાજ, ગાંધીધામ દ્વારા પૂરગ્રસ્તો માટે ભોજન સામગ્રી, પાણી, ધાબડા વગેરે થરા, ખારીયા, લાખણી અને ધાનેરાની આસ-પાસના વિસ્તારમાં પહોંચાડવાનું અભિયાન શ્રી વાચોનિધિજીના નેતૃત્વમાં ચાલી રહ્યું છે.

ઉપરોક્ત કાર્યમાં સહયોગી બનવા પ્રાંતીય સભાના અધ્યક્ષશ્રી સુરેશચંદ્રજીએ અપીલ કરી છે.

# અન્તર્રાષ્ટ્રીય આર્ય મહાસંમેલન
## મ્યાનમાર (બર્મા) ૨૦૧૭
## તા. ૬-૭-૮ ઓક્ટોબર ૨૦૧૭

સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા દિલ્લીના તત્ત્વાધાનમાં આ વર્ષનું અન્તર્રાષ્ટ્રીય મહાસંમેલન આગામી તા. ૬-૭-૮ ઓકટોબર ૨૦૧૭ના મ્યાનમાર (બર્મા)ના માંડલે શહેરમાં યોજવામાં આવેલ છે. આ સંમેલનમાં ભાગ લેવા માટે અનેક દેશોના પ્રતિનિધિ બર્મા પહોંચશે. ભારતથી પણ ઘણી મોટી સંખ્યામાં આર્યો આ સંમેલનમાં ભાગ લેશે તેવા સમાચાર પ્રાપ્ત થઇ રહ્યાં છે.

આ સંમેલનમાં સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના માધ્યમથી જ ભાગ લઇ શકાશે. સાર્વદેશિક સભા દ્વારા જેમને સ્વીકૃતિ મળશે. તેઓને જ આર્ય પ્રતિનિધિ સભા બર્મા દ્વારા પ્રતિનિધિના રૂપમાં સ્વીકારીને તેઓની વ્યવસ્થા કરવામાં આવશે.

માંડલેનું હવામાન લગભગ ભારત જેવું જ છે. શિયાળામાં ખૂબ ઠંડી, ઉનાળામાં આકાશથી લઇને ધરતી સુધી દઝાડતા સૂર્ય કિરણો, તો ચોમાસામાં ભારે વરસાદ અહીં પડે છે. મંદિરો, પ્રાકૃતિક શોભા અને સૌંદર્યથી ભરપૂર આ શહેરની અનેક વિશેષતાઓને કારણે વિશ્વ પ્રસિદ્ધ છે. અહીંયા દુનિયાના સૌથી મોટા પુસ્તકના રૂપમાં એક મંદિર આવેલું છે. એટલે કે પુસ્તકના દરેક પાનાના રૂપમાં એક મંદિર છે જેની સંખ્યા લગભગ ૫૦૦થી પણ વધુ છે.

આપને જાણીને આશ્ચર્ય થશે કે બ્રહ્મ દેશ અર્થાત્ બર્મામાં ૧૨૦ વર્ષના લાંબા સમય બાદ આ આર્ય મહાસંમેલન યોજાય રહ્યું છે. અનેક આર્યજન આ અવસર પર બર્માના અન્ય મહત્વપૂર્ણ સ્થાનોનું પણ ભ્રમણ કરવા ઇચ્છે છે. આથી કેટલાંક રમણીય અને મહત્વપૂર્ણ સ્થાનોની પણ યાત્રાનો રોચક કાર્યક્રમ બનાવવામાં આવેલ છે. જેની જાણકારી આ સાથે સામેલ છે.

**म्यांमार (बर्मा) यात्रा नं. 1**

2 अक्टूबर से 9 अक्टूबर 2017

दिल्ली से (7 रात्रि 8 दिन) — कोलकता से (8 रात्रि 9 दिन)

यात्रा व्यय

**कार्यक्रम**

| | |
|---|---|
| दिल्ली से जाने वाले यात्रियों केलिये | ₹ 78500/- प्रति व्यक्ति |
| कोलकता से जाने वाले यात्रियों के लिये | ₹ 65500/- प्रति व्यक्ति |

| | |
|---|---|
| 02.10.2017 | दिल्ली से जाने वाले यात्री रात्रि को हवाई जहाज द्वारा बैंकाक होते हुए 3 अक्टूबर की सुबह रंगून पहुंचेंगे। कोलकता से जाने वाले यात्री 2 अक्टूबर की सुबह ढाका होते हुए उसी दिन शाम को रंगून पहुंचेंगे और रात्रि विश्राम रंगून में करेंगे। |
| 03.10.2017 | इस दिन दिल्ली से तथा कोलकता से आने वाले सभी यात्री रंगून की सैर करेंगे तथा रात्रि विश्राम होटल में करेंगे। |
| 04.10.2017 | सुबह इनले लेक के लिये हवाई जहाज द्वारा प्रस्थान, इनले लेक का भ्रमण, रात्रि विश्राम इनले लेक में |
| | **(पानी के अन्दर बसे हुए शहर को देखने के लिये इनले लेक पूरे विश्व में विख्यात है)** |
| 05.10.2017 | इनले लेक से मांडले के लिये ए.सी. लक्जरी कोचों द्वारा प्रस्थान, शामको मांडले भ्रमण, रात्रि विश्राम मांडले में |
| 06.10.2017 | अन्तर्राष्ट्रीय आर्य महासम्मेलन (अम्बिका मंदिर परिसर, मांडले) |
| 07.10.2017 | अन्तर्राष्ट्रीय आर्य महासम्मेलन (अम्बिका मंदिर परिसर, मांडले) |
| 08.10.2017 | अन्तर्राष्ट्रीय आर्य महासम्मेलन (अम्बिका मंदिर परिसर, मांडले) |
| 09.10.2017 | दिल्ली जाने वाले यात्री मांडले से सुबह दिल्ली के लिये बैंकाक होते हुए प्रस्थान करेंगे तथा कोलकता जाने वाले यात्री मांडले से रंगून तथा ढाका होते हुए कोलकता पहुंचेंगे। दिल्ली वाले यात्री उसी दिन रात्रि को लगभग 11 बजे दिल्ली वापस पहुंचेंगे और कोलकता वाले यात्री रात्रि को उसी दिन लगभग 8 बजे कोलकता पहुंचेंगे। |

અનુસંધાન પાના નં. ૨૨ પર

# ઉપદેશક મહાવિદ્યાલય-ટંકારાનો ઉજવાયો ૫૧ મો સ્થાપના દિવસ

મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટ - ટંકારા દ્વારા ઉપદેશક મહાવિદ્યાલયની સ્થાપના સન્ ૧૯૬૬ માં ૧૭ જુલાઈના રોજ કરવામાં આવી હતી. સ્થાપક આચાર્ય તરીકે આચાર્ય સત્યદેવ વિદ્યાલંકાર હતા. તેઓએ ૧૪ વર્ષ સુધી ટંકારા નિવાસ કરી અનેક વિપરીત પરિસ્થિતિઓ સહન કરીને વિદ્યાલયનું કુશળ સંચાલન કર્યુ. વર્તમાનમાં આચાર્ય રામદેવ શાસ્ત્રી સેવા આપે છે.

આ મહાવિદ્યાલયમાં ધો. ૮ થી પ્રવેશ આપવામાં આવે છે, અને શાસ્ત્રી (સ્નાતક) સુધીનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ મહાવિદ્યાલય મહર્ષિ દયાનંદ વિશ્વવિદ્યાલય - રોહતક સાથે સંલગ્ન છે.

મહાવિદ્યાલયનો ૫૧ મો સ્થાપના દિવસ તા. ૧૭ જુલાઈના રોજ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. કાર્યક્રમનો પ્રારંભ યજ્ઞથી કરવામાં આવ્યો. ત્યાર બાદ ભજન અને પ્રવચન વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ રજૂ કર્યા.

આ પ્રસંગે બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રમુખ રણજીતસિંહ પરમાર, ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના મંત્રી અને ટંકારા ટ્રસ્ટના ટ્રસ્ટી હસમુખભાઈ પરમાર અને જિલ્લા પંચાયત રાજકોટના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. ડાહ્યાભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું અને વિદ્યાલયના વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.

કાર્યક્રમમાં આર્યસમાજ રાજકોટ, આર્યસમાજ ખોડાપીપર અને આર્યસમાજ-ટંકારાના પદાધિકારીઓ, સદસ્યો તથા ટંકારાના ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન આચાર્ય રામદેવજીએ કર્યુ હતું. તેઓએ જણાવ્યું કે ટંકારા ઉપદેશક વિદ્યાલયના વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ ખેલકૂદમાં અવ્વલ નંબર પ્રાપ્ત કરે છે, તેમજ રાષ્ટ્રીય કક્ષાએ પણ પોતાનું નામ ઝળકાવે છે, એક વિદ્યાર્થીએ તાજેતરમાં દિલ્લી યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ યુનિર્સિટીના અત્યાર સુધીમાં સૌથી વધુ અંક મેળવનાર વિદ્યાર્થી તરીકે સ્થાન મેળવ્યું છે. વિદ્યાલય દ્વારા પ્રશિક્ષિત સેંકડો વિદ્યાર્થી ભારતની અને ભારત બહારની આર્યસમાજોમાં પુરોહિત તરીકે સેવા આપે છે.

કાર્યક્રમના અંતમાં સૌ માટે પ્રીતિભોજન પ્રસાદની ઉત્તમ વ્યવસ્થા હતી.

## दर्शन योग महाविद्यालय, रोजड

# उच्चस्तरीय क्रियात्मक योग प्रशिक्षण शिविर

आध्यात्मिक ज्ञान-विज्ञान-पिपासु, समाधि, वैराग्य, तत्वज्ञान के अभिलाषी, आत्मकल्याण के इच्छुक, अध्ययन-स्वाध्याय-प्रेमी, भद्रशील महानुभावों!

आपके प्रिय दर्शन योग महाविद्यलाय, आर्यवन रोजड में योगाभ्यास के पथ पर आरोहण, प्रगति, सफलता, अन्तःकरण की परिशुद्धि ऐहिक सुख-शान्ति एवं आत्मा व परमात्मा की प्राप्ति हेतु वैदिक दर्शनों के आधार पर आश्विन अमावस्या से आश्विन शुक्ल ४/२०७४ तदनुसार १६ सितम्बर २०१७ से २० सितम्बर २०१७ तक पूज्य स्वामी विवेकानन्द जी पारिव्राजक की अध्यक्षता में पांच दिन का उच्चस्तरीय क्रियात्मक योग प्रशिक्षण शिविर आयोजित किया जा रहा है।

आप इस पुनीत अवसर को अपने जीवन से सम्बद्ध करें। इसमें उच्च स्तर के साधक साधिकाएं भाग लेंगे। शिविर में विशेष रूप से वेद, दर्शन आदि आर्ष ग्रन्थों के आधार पर ध्यान, उपासना का प्रशिक्षण, विवेक-वैराग्य, समाधि की प्राप्ति हेतु निदिध्यासन आदि के रूप में अनेक वैज्ञाननिक विधियों एवं उपायों का परिज्ञान कराया जायेगा। इसके साथ सूक्ष्म व उच्च आध्यात्मिक स्तर की वृद्धि हेतु आंशिक रूप में दर्शनों का अध्ययन भी कराया जायेगा। यम-नियम, धारण-ध्यान-समाधि, ईश्वर समर्पण, अविद्या आदि क्लेश निवारण जैसे अनेक सूक्ष्म आध्यात्मिक विषयों पर मार्गदर्शन किया जायेगा।

शिविरार्थी १५ सितम्बर को सायंकाल ४ बजे तक शिविर स्थल पर पहुंच जावें। शिविर का समापन २४ सितम्बर के मध्याह्न में १ बजे होगा। शिबिर की दिनचर्या प्रातः ४.०० बजे से रात्रि ९.३० बजे तक रहेगी।

અનુસંધાન પાના નં. ૨૦ પરનું ચાલુ

## અન્તર્રાષ્ટ્રીય મહાસંમેલન

**म्यांमार (बर्मा) यात्रा नं.2**
**(केवल दिल्ली से जाने वाले यात्रियों के लिये)**
30 सितम्बर से 9 अक्टूबर 2017
(9 रात्रि 10 दिन)

यात्रा व्यय
₹ 99500/- प्रति व्यक्ति

### कार्यक्रम

| | |
|---|---|
| 30.09.2017 | रात्रि को दिल्ली से क्वालालम्पुर (मलेशिया) के लिये हवाई जहाज द्वारा प्रस्थान |
| 01.10.2017 | सुबह क्वालालम्पुर आगमन, दिन मे सिटी टूर, रात्रि विश्राम क्वालालम्पुर मे |
| 02.10.2017 | पूरे दिन क्वालालम्पुर के दर्शनीय स्थलों का भ्रमण, रात्रि विश्राम क्वालालम्पुर में |
| 03.10.2017 | सुबह हवाई जहाज से रंगून आगमन, दिन में रंगून की सैर, रात्रि विश्राम रंगून मे |
| 04.10.2017 | सुबह इनले लेक के लिये हवाई जहाज द्वारा प्रस्थान, इनले लेक का भ्रमण, रात्रि विश्राम इनले लेकमे (पानी के अन्दर बसे हुए शहर को देखने के लिये इनले लेक पूरे विश्व में विख्यात है) |
| 05.10.2017 | इनले लेक से मांडले के लिये ए.सी. लक्जरी कोचो द्वारा प्रस्थान, शामको मांडले भ्रमण, रात्रि विश्राम मांडले मे |
| 06.10.2017 | अन्तर्राष्ट्रीय आर्य महासम्मेलन (अम्बिका मंदिर परिसर, मांडले) |
| 07.10.2017 | अन्तर्राष्ट्रीय आर्य महासम्मेलन (अम्बिका मंदिर परिसर, मांडले) |
| 08.10.2017 | अन्तर्राष्ट्रीय आर्य महासम्मेलन (अम्बिका मंदिर परिसर, मांडले) |
| 09.10.2017 | मांडले से हवाई जहाज द्वारा सुबह रंगून तथा क्वालालम्पुर होते हुए दिल्ली के लिये प्रस्थान (दिल्ली आगमन रात्रि को) |

વધુ જાણકારી માટે આર્યસંદેશ સાપ્તાહિક નવી દિલ્લી જોવું.

# ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા વકતૃત્વ સ્પર્ધા યોજાશે.

ગુજરાતના પનોતા પુત્ર, વેદોદ્ધારક, મહાન સમાજ સુધારક, સ્વાતંત્ર્યના પ્રથમ ઉદ્‌ઘોષક અને આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પ્રચારયાત્રા દરમ્યાન પોતાની જન્મભૂમિ ગુજરાતમાં પણ પદાર્પણ કરેલ તેની ૧૪૨ મી વર્ષગાંઠ નિમિત્તે માધ્યમિક વિભાગ (ધો. ૯ થી ૧૧)ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેના વિષયો અને નિયમો નીચે મુજબ રહેશે. આ સ્પર્ધામાં ગુજરાતની શાળાનાં વિદ્યાર્થીઓને ભાગ લેવા આમંત્રણ છે..

**વકતૃત્વ સ્પર્ધાના વિષયો (કોઈ પણ એક):**

૧. માનવ સંગઠનનાં ઉપાયો

૨. આદર્શ પરિવાર

ઉપરોક્ત વિષયોના સંદર્ભ સાહિત્ય તરીકે ધો. ૯ અને ૧૦ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકો રહેશે.

**વકતૃત્વ સ્પર્ધાના નિયમો:**

(૧) દરેક શાળામાંથી વધુમાં વધુ ૨(બે) વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. (શાળા કક્ષાએ સ્પર્ધા યોજી ૨ (બે) વિદ્યાર્થીની પસંદગી કરી તેમના પૂરા નામ, ધોરણ અને તેમના પ્રમાણિત કરેલા ફોટા સાથે શાળાના લેટરહેડ પર આચાર્યશ્રીએ જિલ્લા કક્ષામાં ભાગ લેવા મોકલવા.)

(૨) જિલ્લા કક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીના નામ શાળા મારફત જિલ્લા સંયોજકને ૧૫ મી ઓગષ્ટ સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

(૩) સ્પર્ધકે ગુજરાતી અથવા હિન્દી ભાષામાં બોલવાનું રહેશે.

(૪) વકતવ્ય આપવા માટે સમય મર્યાદા ૭ મિનિટ રહેશે.

(૫) સ્પર્ધા જિલ્લા કક્ષા, ક્ષેત્રીય કક્ષા અને રાજ્ય કક્ષા એમ ત્રણ તબક્કામાં યોજાશે. તમામ કક્ષામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારને શીલ્ડ આપવામાં આવશે.

(૬) જિલ્લા કક્ષાની સ્પર્ધાની તારીખ, સ્થળ, સમય જિલ્લા સંયોજક નક્કી કરશે.

(૭) જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સ્વખર્ચે આવવાનું રહેશે.

(૮) જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવનાર સ્પર્ધકની ઝોન (ક્ષેત્ર) કક્ષાની સ્પર્ધા યોજાશે. તે માટેના વિષયો અને નિયમો જિલ્લા મુજબ જ રહેશે.

(૯) ઝોન(ક્ષેત્ર)ના જિલ્લાની યાદી આ સાથે સામેલ છે.

(૧૦) ઝોન કક્ષાએ ભાગ લેનાર તથા તેની સાથે આવનાર એક વાલી/શિક્ષકને સ્પર્ધા સ્થળ સુધીનું આવવા-જવાનું ભાડું આયોજક તરફથી આપવામાં આવશે.

(૧૧) ઝોન કક્ષાએ ભાગ લેનાર તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર ને શીલ્ડ આપવામાં આવશે.

(૧૨) ઝોન કક્ષાએ પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવનાર સ્પર્ધકની રાજ્ય કક્ષાની સ્પર્ધા યોજાશે. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર તથા તેની સાથે આવનાર એક વાલી / શિક્ષકને સ્પર્ધા સ્થળ સુધીનું આવવા જવાનું બીજા વર્ગનું ભાડું આયોજક તરફથી આપવામાં આવશે. જેની તારીખ અને સ્થળ હવે પછી જણાવવામાં આવશે.

(૧૩) રાજ્યકક્ષામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારને શીલ્ડ આપવામાં આવશે. તેમજ રોકડ પુરસ્કાર ક્રમશઃ પ્રથમ - રૂા. ૨૫૦૦, દ્વિતીય - રૂા. ૨૧૦૦ અને તૃતીય - રૂા. ૧૫૦૦ આપવામાં આવશે.

**ઝોન (ક્ષેત્ર) અને તેના જિલ્લા નીચે મુજબ રહેશે.**
**શહેર અને ગ્રામ્ય વિસ્તાર સાથે ગણાશે.**

| સૌરાષ્ટ્ર ઝોન (અ) | સૌરાષ્ટ્ર–કચ્છ ઝોન(બ) | ઉત્તર ગુજરાત |
|---|---|---|
| ૧. જૂનાગઢ | ૧. ભૂજ | ૧. બનાસકાંઠા |
| ૨. અમરેલી | ૨. સુરેન્દ્રનગર | ૨. પાટણ |
| ૩. ગીર સોમનાથ | ૩. મોરબી | ૩. મહેસાણા |
| ૪. પોરબંદર | ૪. રાજકોટ | ૪. સાબરકાંઠા |
| ૫. જામનગર | ૫. ભાવનગર | ૫. અરવલ્લી |
| ૬. દેવભૂમિ દ્વારકા | ૬. બોટાદ | |

| મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | અમદાવાદ |
|---|---|---|
| ૧. વડોદરા | ૧. ભરૂચ | ૧. અમદાવાદ |
| ૨. આણંદ | ૨. નર્મદા | ૨. ગાંધીનગર |
| ૩. દાહોદ | ૩. સુરત | |
| ૪. પંચમહાલ | ૪. તાપી | |
| ૫. ખેડા | ૫. ડાંગ | |
| ૬. મહીસાગર | ૬. નવસારી | |
| ૭. છોટાઉદેપુર | ૭. વલસાડ | |

::: નિવેદક :::

| | | |
|---|---|---|
| સુરેશચંદ્ર આર્ય | હસમુખ પરમાર | |
| સભા પ્રમુખ | સભામંત્રી | પ્રમુખ/મંત્રી |
| મો. ૯૮૨૪૦ ૭૨૫૦૯ | મો. ૯૮૭૯૩ ૩૩૩૪૮ | આર્યસમાજ ............. |
| | | ફોન : .................... |

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
કાર્યાલય : આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ
રાયપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૨
ફોન : ૦૭૯ - ૨૫૪૫૪૩૭૩
ઉપ કાર્યાલય : આર્યસમાજ, ત્રણહાટડી, ટંકારા.
જિ. મોરબી. પિન : ૩૬૩૬૫૦
ફોન :(૦૨૮૨૨) ૨૮૭૦૫૪

# વાનપ્રસ્થ સાધક આશ્રમ આર્યવન, રોજડ

સામવેદ ગુજરાતી ભાષાંતર પ્રકાશન યોજના.

ઈશ્વરની મહાન કૃપાથી અને સર્વે ધર્મપ્રેમી સજ્જનોના સહયોગથી ચારેય વેદોનું ગુજરાતી ભાષામાં પ્રકાશનનું કાર્ય સફળતાપૂર્વક સમ્પન્ન થયુ છે. આશ્રમ દ્વારા આજ સુધીમાં લગભગ ૧૫૦ કરતા પણ વધુ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવેલ છે અને તેના દેશ-વિદેશમાં લાખો ઘરોમાં પહોંચાડવામાં આવેલ છે. આ માટે આપ સર્વે સજ્જનોનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

હાલમાં સામવેદ (ગુજરાતીમાં ભાષાંતર) પ્રથમ સંસ્કરણ સમાપ્ત થઇ ગયેલ છે. તથા અને વ્યક્તિઓ, સંસ્થાઓ તરફથી એની માંગ કરવામાં આવે છે. આથી લોકોની માંગણીને ધ્યાને લેતા સામવેદ દ્વિતીય સંસ્કરણના પ્રકાશનની યોજના બનાવવામાં આવી છે. જેના યોગ્ય ગ્રાહકો બનશે તો અમે રૂા. ૪૦૦/-ની કિંમતમાં ગ્રાહકો બનશે.

જેઓ વ્યક્તિગત કે સંસ્થાઓ સામવેદ ગુજરાતી ભાષાંતર દ્વિતીય સંસ્કરણ ખરીદવા ઈચ્છતા હોય નકલના અગ્રિમ ગ્રાહક થનારના નામ-સરનામા ગ્રન્થમાં આપવામાં આવશે.

::: નીચેના સરનામે તુરંત સંપર્ક કરવો :::


વૈદિક વાડમય પ્રકાશન<br>
વાનપ્રસ્થ સાધક આશ્રમ<br>
આર્યવન, રોજડ<br>
પો. સાગપુર, જિ. સાબરકાંટા<br>
ફોન: (૦૨૭૭૦) ૨૮૭૪૧૭ - ૨૯૧૫૫૫<br>
Email : vaanprastharojad@gmail.com


# આર્યસમાજ જૂનાગઢ દ્વારા પર્જન્ય યજ્ઞ યોજાયો



આર્યસમાજ, જૂનાગઢ દ્વારા પર્જન્ય યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેનું મુખ્ય કારણ એ છે કે જૂનાગઢ શહેરમાં હજુ સારી રીતે વરસાદનું આગમન થયેલ નથી. તેના અનુસંધાને વિવિધ સ્થળોએ પર્જન્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં અક્ષરધામ એપાર્ટમેન્ટમાં સાત કુંડી યજ્ઞ કરવામાં આવ્યો. પં. સુનીલ શાસ્ત્રીજી આ કાર્યક્રમમાં પધારેલ છે. તેઓએ યજ્ઞ કાર્ય સંપન્ન કરાવ્યા બાદ યજ્ઞથી થતા લાભ વિષય પર ઉપબોધન આપ્યું. ત્યાર બાદ ખલીલપુર ગામે પર્જન્ય યજ્ઞ યોજવામાં આવ્યા. વિશેષમાં આર્યસમાજ જૂનાગઢમાં પ્રતિદિન પર્જન્ય યજ્ઞ ચાલી રહ્યો છે. જેમાં વૃષ્ટિ યજ્ઞથી આહુતિ અર્પણ કરવામાં આવે છે. જૂનાગઢની જનતા હજુ વરસાદની રાહ જોઇ રહી છે.

# આર્યસમાજ આણંદ ખાતે ગુરુપુર્ણિમાની શ્રદ્ધાપૂર્વક ઉજવણી સંપન્ન



ગુરુપૂર્ણિમા પર્વ તા. ૦૯/૦૭/૧૭ સ્થળ: ચ.પ્ર આર્યસમાજ, આણંદ

ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા વર્ષ દરમ્યાન આવતા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણી સમય-સમય પર કરવામાં આવે છે. તા. ૯-૭-૨૦૧૭ના રવિવારના રોજ આર્યસમાજ ખાતે ગુરુપૂર્ણિમા - પર્વની ઉજવણી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી. આ પ્રસંગે વૈદિક યજ્ઞનું આયોજન પં. કનુપ્રસાદ શાસ્ત્રીના બ્રહ્મત્વમાં કરવામાં આવ્યું હતું. ત્યાર પછી સામૂહિક યજ્ઞ પ્રાર્થના કરવામાં આવી. ગુરુપૂર્ણિમા પર્વનું મહત્વ પં. વિજયકુમાર આર્યએ સમજાવતા જણાવ્યું કે : આર્યસમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીજીએ વેદની આજ્ઞા મુજબ પંચ મહાયજ્ઞ કરવાની દરેકને શીખ આપી છે. આપણાં ઋષિ-મુનિઓએ માનવ જીવનને સર્વોત્તમ બનાવવા માટે જે જે માર્ગ બતાવ્યા છે, તેને જાણીને તે મુજબ આચરણ કરવું, એ જ આજની ગુરુપૂર્ણિમાની મહત્તા છે. ઋષિ ઋણમાંથી મુક્ત થવું એ આપણી સૌની પવિત્ર ફરજ છે. આપણાં બધાંના ગુરુ પરમપિતા પરમેશ્વર છે. તેમણે આપણાં સૌના કલ્યાણ માટે સૃષ્ટિના આરંભમાં વેદનું જ્ઞાન આપ્યું, ત્યાર બાદ આપણાં -પિતા, આચાર્ય તથા જે કોઈ વ્યક્તિએ આપણાં જીવનને ઉચ્ચ બનાવવા માટે સત્યજ્ઞાન આપ્યું છે, તે સૌના પ્રત્યે આદરભાવ પ્રગટ કરવો, તેઓની સેવા સુશ્રુષા કરવી તથા તેઓની આવશ્યકતાઓની પૂર્તિ કરવી જોઇએ, એ શુભ સંદેશ આજની ગુરુપૂર્ણિમાનો છે.

આ પ્રસંગે સંસ્થાના પદાધિકારીગણ, અંતરંગ સભ્યો, શાખા આર્યસમાજના સદસ્યો, આમંત્રિતો સહિત રાજ્ય સભાના સાંસદ મા. શ્રી લાલસિંહજી વડોદિયા તેમજ પૂર્વ ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પરમાર સંસ્થાના નિમંત્રણને માન આપીને પધાર્યા હતા. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરીને સંસ્થાના પ્રમુખ કનકસિંહજી વાઘેલાએ સાંસદશ્રી તથા ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીનું પુસ્તક આપીને સન્માન કર્યું હતું. ત્યાર બાદ આર્યસમાજના મંત્રીશ્રી અશોકભાઇ પટેલના પૂજ્ય પિતાશ્રી તેમજ ગુરુકુલ પ્રણાલીના પોષક અને સંરક્ષક એવા વયોવૃદ્ધ ચુસ્ત આર્યસમાજી શ્રી ધર્મવીરભાઇ જીવાભાઇ પટેલ (કુંજરાવ) (ગુરુકુળ સોનગઢ-ભાવનગર પાસે) માં તેમના પિતાશ્રીએ વ્યવસ્થાપક તરીકે ખૂબ નિઃસ્વાર્થ સેછા આપી હતી.)ને સાલ ઓઢાડી રાજ્યસભાના સાંસદ મા. શ્રી લાલસિંહજી વડોદિયાએ સન્માનિત કર્યા હતાં. સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા પર્વ યજ્ઞના

મુખ્ય યજમાનશ્રી મનીષભાઇ દિનેશભાઇ ચૌહાણને વૈદિક પુસ્તકોનો સેટ ભેટ આપીને તેમની દિકરી ચિ. મૈત્રીનો જન્મદિવસની શુભેચ્છા તથા આશીર્વાદ પાઠવ્યા હતા.

ગુરૂપૂર્ણિમા પ્રસંગે શ્રી ધર્મવીરકાકાએ સ્વામી દયાનંદ સરસ્વતી લિખિત સત્યાર્થપ્રકાશ ગ્રંથના અવતરણો ટાંકીને ગુરુ શબ્દની વ્યાખ્યા કરી હતી અને જીવનમાંકેવી રીતે જીવવું, કેવી રીતે ખાવું, શું ખાવું તેની વિસ્તારપૂર્વકની માહિતી આપી હતી. તેઓએ સંયમિત જીવન જીવવા, આદર્શ દિનચર્યા અપનાવવા તથા પરિવારમાં પ્રેમપૂર્વક યથાયોગ્ય વ્યવહાર કરવા, સમાજસેવા કરવા તથા આપણી પાસે જે સદ્‌જ્ઞાન છે, તેને બીજાને આપવાની શીખ આપી હતી. તેઓએ જણાવ્યું કે જે વ્યક્તિ આપણને પરમાત્માની પ્રાપ્તિ કરાવે એ જ સાચો ગુરુ.

પર્વના અંતે આભાર વિધિ સંસ્થાના વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ કરી હતી. ત્યાર બાદ શાંતિપાઠ જયઘોષ અને પ્રીતિભોજન સાથે સફળતાપૂર્વક પર્વની ઉજવણી સંપન્ન થઇ હતી.

## આર્યસમાજ કછોલી દ્વારા ઉજવાયો
## *યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ*

આર્યસમાજ કછોલી દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સામૂહિક યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ સફળતાપૂર્વક તા. ૫-૫-૨૦૧૭ના રોજ યોજાયો હતો. જેમાં પહેલીવાર માહયાવંશી તથા હળપતિ સમાજનાં આઠ તથા ૧ તેલુગુ ભાષી મળીને ૯ બટુકોને યજ્ઞોપવિત આપવામાં આવ્યો.

આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી અને પુરોહિતશ્રી વિમલ પ્રસાદ શાસ્ત્રી દ્વારા થયું. જેમાં ઉપસ્થિત બ્રહ્મચારીઓને તેમજ વિશાળ જનસમૂહને યજ્ઞોપવિત સંસ્કાર વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી તથા આ કાર્યક્રમ ખૂબ ઉત્સાહપૂર્વક સંપન્ન થયો હતો.

## *આર્યસમાજ સુરેન્દ્રનગર દ્વારા*
## *વેદ વિતરણ કરી ગુરુપુર્ણિમા ઉજવાઈ.*



આર્યસમાજ સુરેન્દ્રનગર દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ૨૧ પરિવારોમાં ૧૦૦૦ મંત્રોના અર્થ સહિતનું આર્યબંધુજી દ્વારા સંકલન કરેલ પુસ્તક ભેટ આપવામાં આવ્યાં. દરેકને સંકલ્પ લેવડાવ્યો કે દરરોજ પાંચ મંત્રોનો સ્વાધ્યાય કરવો.

RNI Registration No. GujGuj/2015/63289
Posted at Rajkot - RMS on 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2015 - 17

BOOK-POST

પ્રેષક :-
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ,
ટંકારા - ૩૬૩૬૫૦.
જિ. મોરબી

પ્રતિ,

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL